મેનકાઈન્ડ માસિકની
અવારનવારના નિબંધોની ગ્રંથમાળા; મણકો : ૮

# ભારતની ભૌગોલિક વિશિષ્ટતાઓ

વિનાયક પુરોહિત

પ્રકાશક :
૫, હંસાલી, દામલે પથ,
લો કોલેજ રોડની વાટે,
પુણે - ૪૧૧ ૦૦૪.
ફોન : ૨૫૪૬ ૬૫૫૭

સપ્ટેંબર ૨૦૦૬
કિંમત : રૂા. ૨૦

મેનકાઈન્ડ માસિકના અવારનવાર નિબંધો : ૮

# ભારતની ભૌગોલિક વિશિષ્ટતાઓ

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | ભારતની ભૌગોલિક વિશિષ્ટતાઓ | ૧ |
| ૨. | કોષ્ટક 'અ' ભારતને સાત વિસ્તારમાં વિભાજીત કરી શકાય | ૬ |
| ૩. | કોષ્ટક 'અ' ભારતના સાતે સાત વિસ્તારો કે પ્રદેશોને વનસ્પતિ અને પશુસમ્પત્તિના છ વર્ગોમાં વિભાજીત કરી શકાય | ૬ |
| ૪. | હિન્દુસ્તાનની સંપત્તિનો ભરાવો, ૧૬૦૧ થી ૧૭૬૫ સુધી | ૧૦ |
| ૫. | ૧૭૬૫ પછીથી થયેલું ભારતમાંથી પૂંજીનું નિષ્કાશન | ૧૨ |
| ૬. | ભારતમાં દુષ્કાળથી નીપજેલું મરણ પ્રમાણ | ૧૫ |
| ૭. | અંગ્રેજોએ ફેલાવેલી ભૂગોળ વિષેની કેટલીક ભ્રામક ધારણાઓ | ૧૬ |


ડિટીપી :
અભીજીત ગ્રાફિક્સ,
૫૯૭, નારાયણ પેઠ, પૂના ૩૦.

પ્રિંટીંગ :
શ્રી નાકોડા પ્રિંટર્સ,
૫૯૭, નારાયણ પેઠ, પૂના ૩૦,
ફોન : ૨૪૪૮૫૮૯૯

# ભારતની ભૌગોલિક વિશિષ્ટતાઓ

## વિનાયક પુરોહિત

જર્મન, કાર્લ ફૉન ક્લૉઝવિટ્ઝ (૧૭૮૦-૧૮૩૧) અને ફ્રાન્સસીસી બૅરન જોમીની (૧૭૭૯-૧૮૬૯) જેવા પ્રખર યુદ્ધમિમાંસકો લખી ગયા છે કે યુદ્ધ અને રાજકારણમાં સાતત્ય હોય છે. કેવળ સાધનો નોખાં. એટલે કે યુદ્ધ રાજકારણની જ રમત છે, ફક્ત સોગઠાં જુદા. આ વસ્તુ ધોળા યુરોપિયનો માટે નવી હશે પણ આપણે ત્યાં આમાત્ય ચાણક્ય કૌટિલ્યે, અર્થશાસ્ત્રના પાઠ જ્યારે ચંદ્રગુપ્ત મૌર્યને ઈ.સ. પૂર્વેની ચોથી શતાબ્દિમાં ભણાવ્યા ત્યારથી જ આ સત્યની જાણ હતી. તક્ષશિલા વિશ્વવિદ્યાલયના આ વિશારદે પોતાના મહાગ્રંથમાં ભૂગોળ અને રાજકારણને એક જ પોતના તાણાવાણા સમજીને વણી લીધાં હતાં. તે જ અરસાની આપણી સતરંજની રમત પણ છ અંગોના મોહરાં - રાજા, આમત્ય, ઊંટ, ઘોડસ્વાર, હાથી અને પાયદળ - નીજ વિવિધ ચાલોને ઓવખે છે, જે પ્રકારના પ્રાણીઓની પાલનની એકત્ર પ્રથા ભારત સિવાય બીજે શોધવી અઘરી છે.

સહજ વધારે વિચાર કરીએ તો રાજકારણ પોતે અર્થતંત્રના ચોક્કસ તબક્કાની સામાજિક ભાત છે. અને અર્થતંત્ર એને અનુરૂપતી સામાજિક વ્યવસ્થા, બન્ને ભૂગોળનું જ પ્રતિબિંબ ઝીલે છે. એટલે આખરે યુદ્ધ ભૌગોલિક પરિસ્થિતિ અને તેણે જણેલા આર્થિક અને સામાજિક પ્રવાહીને જ ચાલના આપે છે.

બીજા દષ્ટિકોણથી વિચારીએ તો કાર્લ માર્કસે (૧૮૧૮-૧૮૮૩) નોંદયું છે તેમ "આપણે એક જ વિજ્ઞાનને પીછાણીએ છીએ, તે ઈતિહાસનું વિજ્ઞાન" (*માર્કસ્ અને ઍંગલ્સ સમગ્ર સાહિત્ય*, ભાગ ૫, *જર્મન આઈડિયોલૉજી*, પૃ. ૨૮, પ્રોગેસ પબ્લિશર્સ, મૉસ્કો, ૧૯૭૬) (ફક્ત પ્રખર પત્રકાર રહીને મોટા ઈતિહાસકાર હોવાનો સ્વાંગ રચનાર કાર્લ માર્ક્સે ક્યાંય આ ઈતિહાસના વિજ્ઞાનની વ્યાખ્યા કરવાની તસ્દી લીધી નથી)

ઉપરની ચર્ચાને ફળસ્વરૂપ આપણે કહી શકીએ કે ભૂગોળ, એના આધારે સર્જાયેલો અર્થવ્યવસ્થાનો તબક્કો, અર્થતંત્રને અનુરૂપ રાજકીય - સામાજિક સ્થિતિ, આ બધાંનુ સંમિશ્ર વૃત્તાંત એ જ ઈતિહાસ.

હવે આગળ વધીએ. આપણે ત્યાંની ભૌગોલિક કોનશિલાનો ગંભીર પુનર્વિચાર ઈતિહાસ ક્ષેત્રે ક્યાં તો થયો જ નથી અથવા તો અધૂરો, પાંગળો થયો છે. આજે પણ ભૂગોળના પાઠચક્રમમાં

ભણાવાતા આધારગ્રંથો એના એ જ ઉપનિવેશ કાળના, સર હોલ્ડીચ, જેમ્સ મિલ અને ડબલ્યુ ડબલ્યુ હંટર જેવા ઈસ્ટ ઈન્ડિયા કંપનીના ખાનદાની અને વફાદાર ચાકરો; આઈ. સી. એસ. અફસર વિન્સેન્ટ સ્મિથ, કેમ્બ્રીજ ઈતિહાસવાળા સર મૅકાઈન્ડર, શાહીવાદી અને રંગદ્વેશી માનસના ઉત્તમ નમૂનાઓ, એલ. ડી. સ્ટૅમ્પ, ઓ. એચ. કે. સ્પેટ અને એ. ટી. એ. લીઅરમૉન્થ, આવા જ બધા વહિયાત લખાણો, પ્રતિષ્ઠિત અને પ્રચલિત છે. આ ટોળી એક બીજાની પીઠ થાબડીને, પ્રસંસા કરતા થાકતા નથી. સ્પેટ અને લીઅરમૉન્થે તો સ્પષ્ટ સ્વીકાર્યું છે કે ''અમારૂં લખાણ મોટા પ્રમાણમાં ભૂગોળ જ નથી.'' (સ્પેટ અને લીઅરમૉન્થે, *''ઈંડિયા અને પાકિસ્તાન : ભૂસ્તર, વસતિ અને અર્થતંત્ર''*, મૅથ્યુન ઍન્ડ કપંની, લંડન, ૧૯૭૨ ની પ્રસ્તાવના પૃ. ૨૧)

તો પછી ભાઈ તેવા લખાણને ભૂગોળ કહીને અમારે માથે શા માટે મારો છો ? ઉપરોક્ત ઑસ્ટ્રેલિયન જોડી ગુનેગારી વસાહતના વંશજોની છે. તેઓ ચાલાકીથી ઉમેરે છે કે. ''અમારા લખાણમાંથી કંઈક વિધાનો હિન્દી અને પાકિસ્તાની વાંચકોની લાગણીઓને દુભાવે તો તે બાબત અવે તેમની ક્ષમા માંગીએ છીએ'' (ઉપરનો સંદર્ભ)

આની વિરુદ્ધ મારી વિચાર કરવાની પદ્ધતિ સાદી, સરળ અને સચોટ એટલા માટે છે કે તેમાં નવ ઉપનિવેશવાદનો પ્રતિકાર અને રાષ્ટ્રવાદનો રણકાર, સમાવી લેવામાં આવ્યો છે. તેથી મારી વિચાર સરણીનો સત્યની સમીપ પહોંચવાના સંયોગ વધી જાય છે.

અંગ્રેજોએ દેશવાસીઓના માનસ કબજે કરવાના નીચ હેતુથી દેશની શિક્ષણ વ્યવસ્થા; પુસ્તક પ્રકાશનનો વ્યવસાય; અંગ્રેજી માધ્યમનો તલવારના જોરથી યોજેલો દૂરાગ્રહ અને વિદ્વતાના સન્માનની પાયરીઓ; એકાધિકારથી ગોઠવીને, પોતાને હસ્તક, અઢારમી અને ઓગણીસમી સદીથી કરી લીધા હતા. (નુરુલ્લા અને નાઈક, *હિન્દુસ્તાનની શિક્ષણ વ્યવસ્થાનો ઈતિહાસ,* મૅકમિલન કંપની, લંડન ૧૯૪૩, માં નોંધાયુ છે કે ભારતીય પાઠશાળાઓ જેમ અને જ્યારે બંધ થતી ગઈ, તેમ અને ત્યારે અંગ્રેજ શિક્ષણ અધિકારીઓ ઉત્સવ મનાવતા ગયા) આ બધું અંગ્રેજો એમની ઉપર અનેક સદીઓના ગુલામીના સ્વાનુભવથી શીખ્યા હતા. તેમની રોમ હેઠળની ગુલામી પહેલી સદીથી પાંચમી સુધીની હતી. ત્યાર બાદ સ્થપાયું જર્મન જનજાતિઓનું રાજ, પાંચમી થી નવમી સદી સુધી. (સેક્સન, એન્ગલ અને જ્યુટ જનજાતિઓનું) ત્યાર પછી ડેનીશ સામ્રાજ્ય નવમીથી અગિયારમી સદી, અને ફ્રેન્ચ નોર્મન રાજ અગિયારમી પંદરમી સદી સુધી. ઈંગ્લૅન્ડમાં વસતા તે કાળના જૂજ વિદ્વાનો અને સાક્ષરો પ્રથમ લૅટિનમાં લખતા અને પાછળથી ફ્રૅન્ચમા. ઠેઠ ૧૪૫૩ સુધીના ''સો વર્ષનાં યુદ્ધો'' સમાપ્ત થયાં ત્યાં સુધી, આ જ હાલત રહી. જૉફ્રી ચૉસર અને ફ્રાન્સીસ બેકન, લૅટિન સાથે ફ્રેન્ચમાં જ ઘણું બધું લખતા. તેનું કારણ કે મોડે સુધી, પંદરમી સદીની અધવચ સુધી, અંગ્રેજીની કોઈ શાખ જ ન્હોતી. આંતરરાષ્ટ્રીય વ્યવસ્થામાં તો ઠેઠ ઓગણીસમી સદી લગી ફ્રેન્ચ ભાષા જ સર્વોપરી ગણાતી. આપણો ત્યાં અંગ્રેજી ભાષાનું તૂત નો શાહીવાદ ઉભો કરેલો અને વચેટીયાઓએ અપનાવેલો એક હાઉ માત્ર છે.

એક નાનકડી લેખમાળામાં ભારતની ભૂગોળ નો સર્વાંગી, ગંભીર, પુનર્વિચાર સમાવવો અત્યંત કપરૂં કામ છે. પણ આપણે પ્રયત્ન કરી જોઈએ : હિન્દી મહાસાગર વિશ્વના ત્રણમાંનો એક જ એવો છે જેનો વ્યાપ ઉત્તરથી દક્ષિણ ધ્રુવ સુધીનો સોંસરો નથી, આટલાન્ટિક અને પૅસિફિક બન્ને સરખામણીનાં આવા આરપારના મહાસાગરો છે. હિંદમહાસાગરની ઉત્તરે એક તોતિંગ પર્વતમાળા

ખડી છે. તે હિમાલયની લગભગ ત્રણ - ચાર સમાંતર પર્વતમાળાઓ બધુ મળીને બસોએક માઈલની પોહળી છે. તેમાંની ત્રીજી, સૌથી ઊંચી, સરેરાશ પાંચ માઈલની ઊંચાઈ ધરાવતી ગગનચુંબી પર્વતમાળા છે: તેને લીધે વાતાવરણનો ૯૦ ટકા હિસ્સો રૂંધાઈ જાય છે. આમ સાઈબેરિયાથી, મધ્ય એશિયાથી અને તિબેટથી વહેતી શીત લહેરો આપણી તરફ પહોંચતી નથી, તે પ્રમાણે દક્ષિણની વિષુવવૃત્તથી ફેલાતી ગરમ ભેજવાળી હવાના વાર્ષિક તાલબદ્ધ મોજાં, ઠેઠ અફઘાનિસ્તાનના હિન્દુકુશ તેમ જ મધ્ય એશિયાના કારાકોરમ, પામીર, ટીએનશાન અને કુનલુન પર્વત માળાઓ પર્યંત પહોંચી જાય છે.

જાણે કે બે તલવારોને કોઈ એક કારાકોરમ પામીરની ખીલીએ ટાંગી દીધી હોય તેમ લાગે છે. એક તલવાર પૂર્વ તરફ ૩૭-૩૮° ઉત્તર અક્ષાંસ થી કશ્મિર, લદાખ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાંચલ, નેપાળ, સિક્કિમ, ભૂતાન, અરૂણાચલ પ્રદેશને અર્ધ ગોળાકારે છેદતી ૨૮° અક્ષાંસ સુધી પહોંચે છે. બીજી તલવાર પશ્ચિમ તરફ સહેજ ઓછા ગોળાકારે, લગભગ સીધી કટારની જેમ હિન્દુકુશ, સફેદ કોહ, સુલેમાન, કિર્થાર અને હલ-મકરાનની પર્વતમાળાઓ સર્જીને ૨૪° અક્ષાંસને અડીને અરબી સમુદ્ર સુધી ફરી વળે છે.

હિમાલયની પર્વતમાળાઓ વિશ્વમાં અજોડ છે. તેવી ભવ્યતા અને ઉત્તુંગતા આપણને સ્વપ્ન પ્રદેશમાં ખેચીને રૂંવાટા ઊભા કરી દે છે. વિશ્વના ૨૫,૦૦ ફૂટથી વધુના ૩૧ શિખરો બધાજ હિમાલયનાં જ છે. તેમાંનુ સર્વોત્તમ છે ચોમોલુંગમાં જેને પશ્ચિમે એવરેસ્ટ નું ખોટું નામ આપ્યું છે. બીજા નંબરનું શિખર ચોગોરી છે, જેને કેટુ કરીને પશ્ચિમ એની ઓળખ બગાડી છે. તેજ રીતે ત્રીજા નંબરનું શિખર છે ગાન્ગચેન ઝોન્ડ પા. તેને બગાડીને પશ્ચિમે કાંચનજંઘા જેવું અર્થહીન નામકરણ કર્યું છે. વધારે વિગતમાં જવાનું અહીં સ્થળ સંકોચને કારણે સંભવ નથી.

ટૂંકાણમાં, પશ્ચિમે ફેલાવેલી લોકવાયકાઓ તદ્દન જૂઠી છે. ભારત અધિકાંશ ઉષ્ણ પ્રદેશ છે જ નહીં. એનો ૬૮ ટકા વિસ્તાર કર્કવૃત્તથી ઉત્તરના સમશીતોષ્ણ પ્રદેશમાં આવે છે. એટલે બેતૃતીઆંશથી વધુ હિસ્સો ભારતનો સમશીતોષ્ણ છે. ફક્ત ત્રીજો ભાગ વિષવવૃત્ત અને કર્કવૃત વચ્ચેનો છે. જેને ખરા અર્થમાં ઉષ્ણ પ્રદેશ કહી શકાય.

ભારત એવો આવનવો ભૌગોલિક વિસ્તાર છે જ્યાં વિષવવૃત્તથી વહેતી દક્ષિણની ભેજવાળી હવાઓ બંગાળની ઉત્તરે આવેલા હિમાલયને અથડાઈ સમશીતોષ્ણ પ્રદેશમાં ઠેઠ કારાકોરમ અને હિન્દુકુશને જોડતા પામીરના પઠાર અને ખીણો સુધી પહોંચી જાય છે. આવો સમતોષ્ણ પ્રદેશ દુનિયામાં બીજે ક્યાંય નથી.

તેવી બધી આબોહવાની વિચિત્રતાઓને લીધે ચોમાસાની ઝંઝાવાતો કારાફોરમ -પામીર-હિન્દુકુશના ત્રિભેટાને હચમચાવે છે. જે બીજે અક્ષાંસના ફરકથી જોવા મળે છે, તે આપણે ત્યાં ભૂસ્તરનીસપાટીના ઊંચાણ - નીચાણના ભેટરૂપે પ્રગટ થાય છે. વિશ્વનો કોઈ પણ વિસ્તાર એવો નથી જેનું અનુકરણ હિન્દુસ્તામાંથી જડી ન આવે. એટલે તો બધા જ મહત્ત્વનાં ખેતીવાડી ઓ પશુપાલનનાં જીવાણુ પ્રકારો આપણે ત્યાં સૌથી લાંબા સમયથી ઘર કરી બેઠાં છે.

આ હકીકતનાં વિસ્તૃત ઉદાહરણે મારા મેનકાઈન્ડ માં પ્રગટ થયેલા બે નિબંધોમાં રજૂ થયા છે. ( *મૅનકાઈન્ડ, ડિસેમ્બર ૧૯૯૮ ભુગોળ, અબોહવા અને પશુ-વનસ્પતિઓ ના ખેડન-પાલનની*

*પ્રાચીન અદ્વિતીયતાને કારણે ઈતિહાસમાં ભારતની પ્રાથમિકતા રહી છે,* પૃ.૯ થી ૨૦, અને ડિસેમ્બર ૧૯૯૯ - જાન્યુઆરી ૨૦૦૦, *દેશને રાષ્ટ્રવાદી ભૂગોળની ગરજ છે,* પૃ. ૫૩-૭૨)

સંક્ષેપમાં અમે રશિયન શોધક અને વિદ્વાન નિકોલાય વાવીલોવે પ્રસ્થાપિત કરેલા માર્ગદર્શનના સિદ્ધાંતોને અનુસરશું. *એનસાઈકલોપીડિયા બ્રિટાનિકાની* ૧૯૮૩ ની આવૃત્તિમાં (જે નિર્દેશ હવે પછી ઈબી ૮૩ ની સંજ્ઞાથી કરવામાં આવશે.) પણ આજ વાવીલોવના સિદ્ધાંતોને અપનાવવામાં આવ્યા છે. તેના મૅક્રોમાળાના, ખંડ પાંચમાના, પૃ. ૯૩૬ થી ૯૪૩ માં સમાવેલા લેખમાં પશુ અને વનસ્પતિના ઉછેરનું મૂળસ્થાન આપેલું છે. આ પાલનશાસ્ત્રની દષ્ટિએ વિશ્વના જે છ વિભાગો નમૂદ કરાયેલા છે તેમાં અમેરિકા અને ઑસ્ટ્રેલિયાને બાદ કરતાં, ચાર શેષ રહે છે :

૧) ધ્રુવોથી પ્રભાવિત અતિશીત પ્રદેશ જેમાં હિમાલયના શિખરો, ખીણો અને પઠારોનો સમાવેશ થાય છે.

૨) સમશીતોષ્ણ પ્રદેશ, ખાસ કરીને ભૂમધ્ય સાગરની આસપાસનો વિસ્તાર, જે અફગાનિસ્તાન, બલુચિસ્તાન અને રાજસ્થાનના થરના રણ સુધી પથરાયેલો છે.

૩) ઈથિયોપિયન પ્રદેશ જે પણ અરબી સમુદ્રના તટ પ્રદેશને આવરી લઈને ગુજરાતના કચ્છના રણ સુધી આવી રહે છે.

૪) ઓરીએન્ટલ પ્રદેશ જેના ત્રણ પેટા વિભાગ છે.

અ) હિન્દુસ્તાની

બ) ઈન્ડો-મલાયન

ક) ઈન્ડો - ચાઈનીઝ (આ.ઈ. હૉકિન્સ સંપાદિત ઈન્ડિઅન નૅચરલ હિસ્ટરીની ઈનસાઈકલો પીડિયા, મુંબઈ, ૧૯૮૬ અને વિશ્વના ભૌગોલિક વિભાગોના નકશા, પૃ ૨૬૬-૨૬૮)

એટલે કે અમરિકા અને ઑસ્ટ્રેલિયાને બાદ કરતાં બાકીના ઉપર જણાવેલા બધા જ ચારેચાર ખેતીવાડી અને પશુપાલનના પ્રદેશોનો શંભૂમેળો હિન્દુસ્તાનમાં થઈ રહે છે. તેથી આપણા દેશની પશુ-વનસ્પતિની વિવિધતા અને વિપુલતા વિશ્વભરમાં અજોડ બની રહે છે.

હવે આપણે થોડી વિગતોમાં જવું પડશે. વાવીલોવે પ્રસ્થાપિત કરેલા બે સરળ નિયમોને આપણે ચકાસી જોઈએ.

**પહેલો નિયમ :** જીવાણંના પરિવર્તનો દીર્ઘકાળે અવિરત થતા રહે છે. જે વિસ્તારની અંદર એક જ વનસ્પતિ કે પ્રાણીના અનેક પરિવર્તિત જીવાણુ-જાતો જડી આવે તે પરિસરમાં તે જીવાણુનું અસ્તિત્વ સૌથી દીર્ઘકાલીન માની શકાય. જેમકે પંજાબમાં ઘઉંની પરિવર્તિત ૯૪ જાતો મળે છે, જે વિશ્વના કોઈ પણ બીજા પ્રદેશથી વધુ છે. એ રીતે આપણે ધારી શકીએ કે ઘઉંનું ઉગમ સ્થાન પંજાબ રહ્યું હશે. તે જ પ્રમાણે ડાંગરની ૯૦ થી વધુ જીવાણું જાતો પૂર્વ ભારતના એક એક જિલ્લા અંદર જડી આવે છે. આમ ચોખાનું ઉગમ કેંદ્ર પૂર્વ ભારતમાં રહ્યું હશે એમ અનુમાન કરી શકાય.

**બીજો નિયમ :** પ્રત્યેક વનસ્પતિ કે પ્રાણીની જીવાણું જાતોમાંથી માનવવંશને ઉપયોગી એવા ખેડવા-પાલનવાળી જાતો મળી રહે તેની વિપુલતા કે વિવિધતા એ જ વસ્તુ દર્શાવે છે કે ઉગમસ્થાન તેજ પ્રદેશનું હશે. જેમકે આપણે ત્યાં રેશમની ચાર મુખ્ય ઈયળ જાણીતી છે : પાટ, ટસર, મૂગા અને એન્ડી. તેવી જ રીતે એકલા પાટની (બોમ્બીપ્ત મોરી) ની છ ઉપજાતો આપણા દેશમાં જોવામાં આવે છે : બૉંબીક્ષ મોરી, બૉંબીક્ષ ટેક્ષટોર, બૉંબીક્ષ સાઈનાન્સીઝ, બૉંબીક્ષ દ્રએસી, બૉંબીક્ષ ફોર્ચ્યુનાટીસ અનેં બૉંબીક્ષ આરાકાનેન્સીસ (*ઈ.બી. ૭૩,* ખંડ ૨૦, પૃ ૫૨૧) આ બીજો નિયમ પૂરવારકરે છે કે પ્રચલિત ચીનની તરફણની રેશમના ઉગમ સ્થાનવાળી ધારણા પાયા વગરની છે. અને રેશમનું ઉદગમ સ્થાન ભારત જ રહ્યું હશે. જે દેશો પાછળથી ઉછીનું લે છે, તે સહુથી સફળ, વધુમાં વધુ ઉત્પાદન આપનારી જાતને સ્વાભાવિક રીતે ચૂટે છે. જેમકે ચીને બૉંબીક્ષ મોરીની એક માત્ર જાતની નીવડ કરી.

તેવી જ રીતે મધમાખીનું પણ ઉદગમ સ્થાન વાવીલોવના બીજા નિયમ મુજબ ઘણું કરીને ભારત જ રહ્યું હશે. કારણ કે જંગલી મધમાખીઓની વિવિધ જાતો કેવળ ભારતમાંથી જ જડી આવે છે. (*ઈ.બી. ૭૩,* ખંડ ૩, પૃ. ૩૭૫)

તે જ પ્રમાણે ઢોરની અનેક જાતો ભારતમાં જ પેદા થઈ છે, અને આજ સુધી પ્રચલિત છે. જેમકે બળદ-ગાય, ભેંસ, બાયસન, યાક, ગૉર, ગયાલ, બોનટિંગ, મિથનુ, ઝેબુ, વગેરે (*ઈ.બી. ૭૩,* ખંડ ૫, પૃ. ૮૬ થી ૯૩)

એમ જ બકરાંની જુદી જુદી જંગલી અને પાળેલી જાતો ભારતમાં જ જોવા મળે છે. જેવી કે બકરી, આઈબેક્ષ, ગોરાલ, મારખોર, કશ્મિર, તાહર, પાસાંગ, ઈત્યાદિ (*ઈ.બી. ૭૩,* ખંડ ૧૦, પૃ. ૫૦૯ થી ૫૧૦)

તેમ જ ઘેટાંની અલગ અલગ જાતો ભારતમાં જ પ્રચલિત છે જેમકે ઉરીયાલ, અરગલી, માર્કો પોલો, ભરાલ, વગેરે (*ઈ.બી. ૭૩,* ખંડ ૨૦, પૃ. ૩૫૯ થી ૩૬૮)

એવું જ ઘોડાનું છે. આપણી ઈ.સ. પૂર્વેની સાતમી સદીની જાતક કથાઓમાં સિંધનો ઘોડો સર્વોત્તમ ગણાતો. (આ બાબત સર રિચાર્ડ લિડેકકરના ત્રણ પુસ્તકો ઉપયોગી ઠરશે : *ઘોડો અને તેનાં સંબંધીઓ,* ૧૯૧૨, *બળદ અને તેના સગોત્રો,* ૧૯૧૨, *ઘેટાં અને તેના પિત્રાઈઓ અને મોસાઈઓ,* ૧૯૧૩)

તેવી જ રીતે મનુષ્ય ઉપયોગી બધા જ અગત્યના રેષા-કપાસ, શણ, કેનવાસ, રેશમ, કાથી વગેરે બધી જ જાતો હિન્દુસ્તાનની ઉત્પત્તિ છે. એજ પ્રમાણે સર્વ તેલીબીયાં અને તેજાનાની બધી જાતો આપણે ત્યાંથી જ વિશ્વભરમાં ફેલાઈ.

અંગ્રેજીનો 'શુગર' શબ્દ સંસ્કૃતના 'શર્કરા' માંથી નીપજ્યો છે.

કેલીકો, મસલીન, મલમલ, કેમ્બ્રિક, વગેરે શબ્દો ભારતના પ્રાચીન બારાંઓની ઓળખ આપે છે.

ઘાસના પ્રકારો, જેમાં અનાજ અને કડધાનો અને વાંસ અને શેરડી, પણ આવી જાય છે, તે બધાંજ ભારતની પેદાશ છે. ઘાસ, તાડ અને ઑર્કિડ એ ત્રણ વનસ્પતિની ઉત્કાંતિની પરાકાષ્ટા ઓ ગણાય છે. આ ત્રણે ય ભારતની જ દેન છે.

હવે સંક્ષિપ્તમાં ચર્ચા સમેટીને સાથે આપેલા કોષ્ટક 'અ' ઉપર નજર ફેરવવાની વિનંતી.

## કોષ્ટક 'અ'

૧. **ભારતને સાત વિસ્તારમાં વિભાજીત કરી શકાય :** વાયવ્ય ભારત, ઉત્તર-મધ્ય ભારત, પશ્ચિમ ભારત, મધ્ય ભારત, દક્ષિણ ભારત, પૂર્વ ભારત અને ઈશાન ભારત.

આમાં વાયવ્ય ભારત અને ઉત્તર-મધ્ય ભારતના વિસ્તારોનો અંશતઃ ફેલાવો અનુક્રમે ભૂમધ્ય સાગર અને ઈથીયોપીઅન પ્રદેશો સુધીના ગણી શકાય. એટલે કે વાયવ્ય ભારતનો અંશતઃ ફેલાવો સિરિયા, પેલેસ્ટિન, ટર્કિ અને ભૂમધ્ય સાગરની પૂર્વ તરફના સાઈપ્રસ, રહોડસ અને ક્રીટ ટાપુઓ સહ કિનારપટ્ટી સુધીનો ગણી શકાય. તેમજ ઉત્તર-મધ્ય ભારતનો અંશતઃ ફેલાવો ઈરાનની ખાડી ઓમાનની ખાડી, યમન અને લાલ સાગરની કિનારપટ્ટી સુધીનો ગણી શકાય. ઉત્તર-મધ્ય ભારત અને પશ્ચિમ ભારતનો અશંતઃ ફેલાવો એકબીજાની સાથે મળી જઈને મિશ્રિત થતો ગણી શકાય.

તેવીજ રીતે દક્ષિણ ભારતમાં આજના શ્રીલંકા અને માલદીવ, લક્ષદ્વીપ, આન્દામાન અને નિકોબાર દ્વીપસમૂહોનો સમાવેશ થઈ જાય છે. તેવીજ રીતે પૂર્વ ભારતનો અને ઈશાન ભારતનો અંશતઃ ફેલાવો મ્યાનમાર, થાઈલેન્ડ, કેમ્બોડિઆ, વિએટનામ અને મલેશીયા, સીંગાપોર, ઈન્ડોનેશીઆ સુધીનો ગણવો જોઈએ.

૨. **ભારતના સાતે સાત વિસ્તારો કે પ્રદેશોને વનસ્પતિ અને પશુસમ્પત્તિના છ વર્ગોમાં વિભાજીત કરી શકાય :**

પહેલો વર્ગ : અનાજ, કઠોળ, તેલીબિંયા અને ઘાસ

બીજો વર્ગ : રેસા અને તાર

ત્રીજો વર્ગ : તેજાના

ચોથો વર્ગ : ફળ, ગરી અને સૂકોમેવો

પાંચમો વર્ગ : વૃક્ષો

છઠ્ઠો વર્ગ : પશુઓ

### પહેલો વર્ગ : અનાજ, કઠોળ, તેલીબીંયા અને ઘાસ

બધાજ મહત્વના અનાજેનું ઉત્તપત્તી સ્થાન ભારત રહ્યું. જેમકે ઘઉં, જવ, ડાંગર, રાય, ઓટસ વગેરે. ઘઉંનું કેન્દ્રસ્થાન પંજાબ રહ્યું હશે, અને જવનું ઉત્તરાંચલ, ડાંગરનું ઉત્તપત્તી કેન્દ્ર પૂર્વ ભારત, રાય અને ઓટસ ઘઉં અને જવના ખેતરોમાં મૂળ ચૂરટ અથવા અપતૃણ હતા.

તે ઉપરાંત જવાર, બાજરો, રાગી અને અન્ય કડધાન્યો પણ ભારતનાજ હતા.

બધાજ કઠોળ, મગ, મક, તુવેર, ચણા, મટર, અળશી વગેરે ભારતમાંજ જન્મ્યા હતા.

નેવીજ રીતે તેલીબીંયાઓ : તલ, એરંડો, રાઈ વગેરે

કોષ્ટક 'અ' ચાલુ

ઘાસ જેમાં વનસ્પતિશાસ્ત્રની દષ્ટીએ બધાજ અનાજો આવી જાય છે અને જે પૃથ્વીપટ પર મુખ્યત્વે બધેજ ખેડવામાં આવે છે, તેના સવિશેત પ્રકારમાં વાંસ અને શેરડી નો સમાવેશ થાય છે. આમાં વાંસનું ઉત્તપત્તિ સ્થળ પૂર્વ અને ઈશાન ભારતની આસપાસનો પ્રદેશ અને શેરડીનું જન્મસ્થળ ખાસ કરીને સમગ્ર ભારત રહ્યું હશે.

## બીજો વર્ગ : રેસા અને તાર

બધાજ અગત્યના ફાઈબરસનું ઉત્તપત્તી કેન્દ્ર ભારત હતું : જેમકે કપાસ, રાણ, રેશમ, અળશી, કાથી, કેન્વાસ.

## ત્રીજો વર્ગ : તેજાના

આતો પ્રાચીન ભારતની વિશ્વને ચરણે ધરેલી ખાસ ભેટ છે.

એ વસ્તુ ધ્યાનમાં રાખવા જેવી છે કે આજસુધી ઓછાવત્તા પ્રમાણમાં બધાજ તેજાના ઓષધિના સ્વરૂપમાં વપરાંતા તે ઉપરાંત રેફ્રિજેટરનો જમાનો શરૂ થયો તે પહેલાં ખાસ કરીને યુરોપ જેવા શીત પ્રદેશોમાં તેજાનાનો ઉપયોગ માંસમચ્છી ને ભોજનયોગ્ય લાંબાસમય સુધી સુરક્ષીત રાખવા માટે થતો. ૧૬૦૧ માં અંગ્રેજોએ ઈસ્ટ ઈન્ડીયા કંપની ની સ્થાપના કરી તેનું મુખ્ય કારણ હતું કે ડચ ઈસ્ટ ઈન્ડીયા કંપનીએ હિન્દુસ્તાની મરીના ભાવ અચાનક વધારી દીધા હતા. જે. એસ. પ્રુથી લખે છે કે, તે જમાનામાં એક રતલ અદરખનો ભાવ એક ઘેટાં જેટલો હતો. એક રતલ જાવંત્રિની કિંમત ત્રણ ઘેંટા અથવા અડધી ગાય જેટલી અને મરીના દાણા એકેક કરીને ગણીને વેચાતા. અને એક મરીની ગુણ, એક માણસની જીંદગી જેટલી અંકાતી. વાસ્કો દી ગામાની ૧૪૯૮ ની ચાર વહાણોના કાફલાની ૧૪૦૦૦ માઈલની સંપૂર્ણ સફરના કુલ ખર્ચથી ૭૦ ગણી આવક કેવળ મરીના વેપાર માંથી જડી આવી હતી.

તેજાનામાં આપણે હલદી, હીંગ, કેસર, ખસખસ, મરી, લવંગ, તજ, ઈલાયચી, જાયફળ, જીરૂ, શાહજીરા, સોંફ, બડીસોંફ, અજવાં, આમચૂર, કોથમીર, કાંદા, લસણ, તેજપત, જાવંત્રી, અદરખ, અને ૭૦ જેટલાં પદાર્થોનો સમાવેશ કરી શકીએ. છેલ્લા આંકડાઓ મુજબ, ૨૦૦૪-૫ માં ભારતની વાર્ષિક નિર્યાત તેજાનાની લગભગ રૂા. ૧૮૦૦ કરોડની હતી.

## ચોથો વર્ગ : ફળ, ગરી અને સૂકોમેવો

ભારતના કેટલાય ફળ છે જે આપણી આદીવાસી અને ખેડૂત પ્રજા ખાય છે, જેના નામ પણ ધોળાંઓ જાણતા નથી. આતો તેમને ભાળ છે તેવા ફળોનો આંકડો લઈએ તો સોથી ઉપરનો થાય.

નારીયેળ અને તેના જેવા પામ વૃક્ષોનું અરબી સમુદ્ર અને બંગાળનો ઉપસાગર મુખ્ય કેન્દ્રો રહ્યા.

લીંબુ વિશ્વભરમાં હિન્દુસ્તાનમાંથી જ ફેલાયું અને નારંગી, મોસંબી, પપનસ તેવા બીજા સાઈટ્રસ ફળ હિન્દુસ્તાનથી યુનાન વિસ્તારમાં ગયા હતા.

કેળાના સેકડો પ્રકારો આપણા દેશમાં પ્રચલિત છે. બદામ, અખરોટ, પીસ્તા, ચીલગોઝ

કોષ્ટક 'અ' ચાલુ

વગેરે હિન્દુસ્તાનમાંથી ઈરાનવાટે પશ્ચિમમાં ફેલાયા.

દ્રાક્ષ, ઓલીવ અને અંજીર આપણે ત્યાંથી ભૂમધ્ય સાગર પહોંચ્યા. અરવીનો ફેલાવો પૂર્વમાં થયો. ગણીએ તેટલું ઓછું છે.

## પાંચમો વર્ગ : વૃક્ષો

આ વર્ગ તો અગણીત છે. તેની નોંધ લેવા જઈએ તો પુસ્તકો ભરાય. વિશ્વના બધાજ ફળફુલના પ્રદેશો હિન્દુસ્તાનમાં એકબીજાને મળી ગયા છે એટલે વડ, પીંપળ, સાગ, સીસમ, પલાસ, અશોક, જાંબુ, આસોપાલવ, રેશમ, કદંબ, આંબો, નીમ, બેલ, બકુલ, મહુઆ, સાલ, નારયેલ, તાડ, સુપારી, આમલી અને એક હજાર બીજા નામ લઈ શકાય. વાંચકને નીચેના પુસ્તકો પર નજર નાખવાની વિનંતી : સાન્તાપાઉ, *કોમન વૃક્ષો*, ૧૯૬૬, *રંધાવા ફલાવરીંગ વૃક્ષો*, ૧૯૮૩; સાહની, *દ બુક ઓફ ઈન્ડીયન નેચરલ હીસ્ટરી*, ૧૯૮૯.

વડે તો દિર્ઘાયુનો પ્રશ્ન ઉછેલી નાખ્યો છે – નવા થડ ડાળીવાટે જમીનમાં રોપીને પીપળો અને સાગ હજારો વર્ષો સુધી સાબુત હોવાની તવારીખ છે. (બોધગયા અને કાર્લાની ગુફા).

## છઠ્ઠો વર્ગ : ઉપયોગી પશુઓ

પેટાવર્ગ ૧ : ઢોર, બળદ, ગાય, ઝેબુ, ગૉર, ગયાલ, યાક, ભેંસ, મીથુન વગેરે

પેટાવર્ગ ૨ : ઘેટાં, બધાજ જંગલી ઘેટા ભારતના છે, જેમકે ઉરિઆલ, આરગાલી, પોલી વગેરે

પેટાવર્ગ ૩ : બકરી, બધીજ જંગલી બકરી ભારતની છે, જેમકે આઈબેક્ષા, પાસાંગ, મારખોર, તાહર વગેરે.

પેટાવર્ગ ૪ : ઘોડો, સીંધનો ઘોડો સુર્વોપરી હતો, અરબ કરતાં વહેલો.

પેટાવર્ગ ૫ : હાથી, જેની પાસેથી આફ્રીકાની બહાર જંગલનું અને યુદ્ધનું કામ લેવાય છે.

પેટાવર્ગ ૬ : ઉંટ, બેકટ્રીયન, જે વધારે ખડતલ છે, અરેબિયન કરતાં.

પેટાવર્ગ ૭ : ગધેડો, વિશ્વના જંગલી ગધેડાના ધણ ફક્ત ભારત અને ઈરાનમાં છે.

પેટાવર્ગ ૮ : ઉપયોગી કીડાઓ : જેમકે રેશમની ચાર જાતોની ઈયળો (પાટ, ટસર, મુગા, એન્ડી) અને પાટની જ છ ઉપરાંત પેટા જાતો; લાખ બનાવતા કીડા; મધ બનાવતી જંગલી અને પાળેલી માખીઓ.

પેટાવર્ગ ૯ : ઉપયોગી પક્ષી : ચીકનનું જન્મસ્થાન દક્ષિણ ભારત. બતક નું પૂર્વ ભારત.

પેટાવર્ગ ૧૦ : જંગલી અને પાલતુ ડુક્કર, પૂર્વ અને મધ્ય ભારત.

સૌથી મહત્ત્વની ભારતની દેન કદાચ મરઘા હશે. જેને જંગલ ફાઉલ કહેવામાં આવે છે. તે આજે પણ દક્ષિણ હિન્દુસ્તાનમાં જંગલોમાં ફફડતું નજરે ચડે છે.

કોષ્ટક 'અ' સમાપ્ત

**નાછૂટકે લેખ ઘણો ભારે થતો હોવાથી, આપણે હવે ભૂગોળના અન્ય પાસાંઓ તપાસીએ.**

ચીનનો દાખલો લઈએ. અંગ્રેજો મોટી ફીશિયારી મારીને ચીનથી કેમીલિયાનો છોડ લાવ્યા, ત્યારે આસામના દીવાન મણિરામે પોતાના ઘરની પછવાડેના ખેતરમાં આ છોડ ઉછરતો તેમને દેખાડ્યો ત્યારે અંગ્રેજોનું મોંઢુ પડી ગયું. (*ઈ. બી. ૭૩,* ખંડ ૨૧, પૃ. ૭૩૮ પ્રસંગ ૧૮૨૩ નો હતો)

આ બધી જીવાણું જાતોની વિવિધતા અને વિપુલતાને કારણે ભારતની વસતિ અનાદિ કાળથી ઘણી વિશાળ અને ગીચ રહી છે. બધા જ વસતિ વિશારદોના મંતવ્યો મુજબ મૌર્ય કાળથી, ઈ.સ. પૂર્વેની ચોથી શતાબ્દિથી, ભારતની વસતિ લગભગ બાર કરોડની હતી (નરોત્તમ શાહ સંપાદિત, *ભારતીય અર્થવ્યવસ્થાને સંબંધિત મૂળભૂત આંકડા, ખંડ ૧, સમગ્ર ભારત,* સી. એમ. આઈ.ઈ., મુંબઈ ઓગસ્ટ ૧૯૯૦ કોષ્ટક ૧. ૧ આ જ અભિપ્રાય કિંગ્સલી ડેવિઝ, પ્રાણનાથ, વગેરેનો છે. કિંગ્સલી ડેવીસ, *હિન્દુસ્તાન અને પાકિસ્તનની વસતિ,* પ્રિન્સટન, યુ. એસ. એ, ૧૯૫૧, પૃ. ૨૩ થી ૩૨)

હવે વિશ્વની જનસંખ્યા પર નજર નાખીએ. તે ઈસુ ખ્રિસ્તના જીવનકાળ દરમિયાન લગભગ પચ્ચીસ કરોડની હતી, (*ઈ.બી. ૭૩,* ખંડ ૧૮, પૃ. ૧૮૧) આ ઉપરથી તારવી શકાય કે ભારતની વસતિ વિશ્વની વસતિની અડધાઅડધ થી ઉપર હતી. (મૌર્યકાળ બાદના સાડા ત્રણ સો વરસમાં ભારતની લોકસંખ્યા બાર કરોડથી થોડી વધી જ હશે.) આનું મુખ્ય કારણ આગળ જોઈ ગયા છીએ તેમ જીવાણું જાતોની વિવિધતા અને વિપુલતા રહ્યું હશે.

બીજી એક સરખામણી ટાંકીએ. હિન્દુસ્તાનના ભૂ વિસ્તારના ૫૫ ટકાથી વધુ ખેડાણ હેઠળ હતો (સી.એમ.આઈ.ઈ., નો ઉપર જણાવેલ ગ્રંથ, કોષ્ટક ૩.૧).

સામે, ચીનનો ભૂવિસ્તાર ભારતથી લગભગ બમણો છે. (*ઈ.બી. ૭૩,* ખંડ ૫, પૃ ૫૫૬) છતાં ત્યાં ખેડવાલાયક જમીનનું પ્રમાણ કેવળ ૧૫ ટકા જ હતું (જુઓ, માનવેન્દ્રનાથ રૉય, *ચીનની ક્રાંતિ અને પ્રતિક્રાંતિ,* રેનેસાન્સ પબ્લીશર્સ, કોલકત્તા, ૧૯૪૬, પાનું ૭) મૌર્યકાળની ૧૨-૧૩ કરોડની વસતિ છેક અંગ્રેજ કાળની શરૂઆત સુધી તેની તે જ રહી હતી (સી.એમ.આઈ.ઈ. ના એજ ગ્રંથનું, તેજ કોષ્ટક)

આ ટકાવારીના જબરદસ્ત ઘટાડાના, લગભગ કહો કે વિનિપાતના, કારણો મુખ્યત્ત્વે ૪ રહ્યા હતા. જેનો ઉલ્લેખ *મૅનકાઈન્ડ અવારનવારના નિબંધ નંબર ૨,* પૃષ્ઠ ૧૪ પર, આપણે આ પહેલા દર્શાવ્યો છે. પુનરાવર્તન કરીને એની ફરી નોંધ કરી લઈએ.

૧. હિન્દુસ્તાનમાં સંપત્તિનો ભરાવો : ૧૬૦૧ થી ૧૭૬૫ ની આસપાસ;

૨. હિન્દુસ્તાનનું નિરઉદ્યોગીકરણ, ગ્રામીણીકરણ અને ભીખારીકરણ. વાર્ષીક ૧૦૦ કરોડ રૂપિયાના દરે ૧૭૬૫ પછી નિકાસ થઈ તેનું પરીણામ.

૩. હિન્દુસ્તાનની સર્વોપરી ઉત્પાદન શક્તિ જે આદિકાળથી સર્વમાન્ય હતી, તેની જગ્યાએ, પહેલી અંગ્રેજ ઔદ્યોગિક ક્રાન્તિ, ૧૭૬૫ થી ૧૮૬૦, ને પોષક કાચો માલ પુરો પાડવાના શ્રોતવિસ્તાર તરીકે નું તેનું પરિવર્તન.

૪. હિન્દુસ્તાનની ખરીદ શક્તિનું પતન, જેને લીધે ૧૭૬૫ થી ૧૯૪૭ સુધીના સમયમાં સાડા આઠ કરોડથી વધુ ગરીબ હિંદી પ્રજાનો ભોગ લેવાયો. હવે આપણે ઉપરના મુદ્દાઓની વિશેષ છણાવટ કરશું.

**હિન્દુસ્તાનની સંપત્તિનો ભરાવો ૧૬૦૧ થી ૧૭૬૫ સુધી;** સૌથી પહેલાં આપણે અંગ્રેજી ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સ્થાપના ૧૬૦૧ થી દીવાનીની પ્રાપ્તિ સુધીનો, ૧૭૬૫ લગીનો, ગાળો સમજવો પડશે. તે સમયની આર્થિક અને વ્યાપારી છણાવટ બાલકૃષ્ણે સુંદરરીતે કરી છે. (*હિન્દુસ્તાન અને ઈંગ્લૅન્ડ વચ્ચેના વ્યાપારી સંબંધો, ૧૬૦૧ થી ૧૭૫૭, જ્યોર્જ રૂટલેજ ઍન્ડ સન્સ, લંડન ૧૯૨૪*)

અંગ્રેજોની આક્રમક પ્રવૃત્તિઓને બે હિસ્સામાં વહેંચી શકાય. એક ૧૭૬૫ ની દીવાનીની પ્રાપ્તિ પહેલાનો અને બીજો ૧૭૬૫ પછીનો. અંગ્રેજો અને યુરોપિયોના પાસે હિન્દુસ્તાનને ખપતું કશું જ ન હોવાને લીધે બધી જ પરદેશી ઈસ્ટ ઈન્ડિયા કંપનીઓને બે કામ કરવા પડ્યા. પહેલા તો તેમણે સોનાચાંદી ભારતમાં ઠાલવીને નગદ નાણાં દેશી માલ સામે આપ્યા. તે ૧૭૬૫ પછી વર્ષના ૧૦૦ કરોડ રૂપિયાના વેગે પાછા ખેંચી લીધા.

તેનો અછડતો અંદાજ નીચેના કોષ્ટકમાંથી તારવી લેવાય :

| | સમય-ગાળો | રકકમ (હજાર પાઉન્ડમાં) | બાળકૃષ્ણના પુસ્તકનું પાનું |
|---|---|---|---|
| | ૧૬૦૧-૧૬૨૪ | ૭૫૪ | ૨૮૨ |
| | ૧૬૨૪-૧૬૫૭ | ૨,૨૮૩ ★ | ૨૮૫-૬ |
| | ૧૬૫૮-૧૬૮૨ | ૪,૯૨૮ | ૨૯૬ |
| | ૧૬૮૨-૧૬૯૮ | ૮,૪૩૫ | ૨૯૭ |
| | ૧૬૯૮-૧૭૧૦ | ૫,૫૭૨ | ૨૯૮ |
| | ૧૭૦૮-૧૭૫૭ | ૧૯,૮૬૯ | ૩૧૭ |
| | ૧૭૫૭-૧૭૬૫ | ૨,૨૪૯ ★ | ૨૯૭ |
| કુલ | ૧૬૦૧-૧૭૬૫ | ૪૪,૦૯૦ | |

★ બે ઠેકાણે અમારો અડસટ્ટો છે.

બે અગત્યની નોંધ કરી લઈએ. ઉપરનો લગભગ સાડા ચાર કરોડ પાઉન્ડનો અંદાજ ફક્ત અંગ્રેજ ઈસ્ટ ઈન્ડિયા કંપની લગતો છે. બીજા બધા યુરોપીય ઈસ્ટ ઈન્ડિયા કંપનીઓ, પોર્તુગાલી, ડચ, ફ્રેંચ, ડેનીશ, સ્વીડીશ, ઑસ્ટ્રિયન વગેરેનો હિસાબ જડવો જટિલ છે. પણ સરવાળે એટલોજ બહોળો હશે એમ માની લેવાય.

બીજું, આ બધી જ કંપનીઓ આ ગાળાંમા સોનાચાંદી નગદ ભુગતાણ ઉપરાંત પારંપારિક વ્યાપારના ચરબી સમુદ્ર અને બંગાળના ઉપસાગરને ફરી વળતાં તટ પ્રદેશોમાંથી જબરજસ્ત માલસમાનને આ દરમિયાન ખેંચી લાવ્યા હતા જેનો હિસાબ ઘણો લાંબો થઈ જાય એટલે એમાં પડતા નથી. ખરૂં જોતા આ વખત હિન્દુસ્તાનની સાંમંતશાહી સમૃદ્ધિની પરાકષ્ટાનો હતો.

પોર્તુગીઝના પ્રવેશ પછી અઠ્ઠાવીસ વર્ષે બાબરે હિન્દુસ્તાનમાં પહેલો સફળ પગપેસારો કરેલો. ૧૫૨૬ ના પહેલા પાણીપતના યુદ્ધથી મોગલ જાહોજલાલીએતો આખી દુનિયાને આજે આંજી દીધી છે. તાજમહાલ, ફતેહપુર સિક્રી, આગ્રા, દિલ્હી, અલ્લાહબાદ અને લાહોરના લાલ કિલ્લાઓ અનેક મસ્જિદો અને મકબરાઓ ને જોવા લાખો-કરોડો વિશ્વના પર્યટકો આજે પણ ઉમટી આવે છે.

તે જ પ્રમાણે મરાઠાઓ, શીખો, હૈદ્રાબાદના નિઝામો, બંગાળ અને અવધના સુબેદારોની ગજબની સમૃદ્ધિનો ત્યારે ખ્યાલ આવશે જ્યારે નાદીરશાહે ૧૭૩૯ માં દિલ્હી અને આસપાસના પ્રદેશને રંજાડ્યા. દુનિયાનો સર્વાધિક કીમતી સિંહાસન - શાહજહાઁનનો મયૂરાસન-તરીકે પ્રખ્યાત છે. આ રત્નજડિત બેઠકની કીંમત આંકવી લગભગ અસંભવિત છે. આજે તે ઈરાનના શહેર મેસદના મ્યુઝીયમમાં સ્થિત છે.

યુરોપીય સત્તાઓનો આંતર - કલહ : અંગ્રેજો, ફ્રાન્સીસીઓ અને ડચો પાસે તો હિન્દુસ્તાને ખપતો એવો માલસામાન ન હોતો એટલુંજ નહી તેમથી સોના-ચાંદીનું નગદ નાણું પણ ન્હોતું. ઉપર વર્ણવેલી સંપત્તિનો, હિન્દુસ્તાનની તરફેણનો ભરાવો ક્યાંથી થયો ? એ પ્રશ્ન ઈતિહાસકારોને મૂંઝવે એવો છે.

શરૂઆત થઈ સ્પેનિશ અને પોર્તુગીઝ ચાંચિયા અને લૂંટેરાઓની અમરિકાના રેડ ઈન્ડિયનો વિરુદ્ધની માનવવંશનાશક પ્રવૃત્તિથી. આ લૂંટમારનું પુનરાવર્તન ડચ, ફ્રાન્સીસી અને અંગ્રેજ ચાંચિઆઓ અને લૂંટારાઓએ કર્યું. જે સ્પેનીશ અને પોર્તુગીઝ કાફલાઓ સોના-ચાંદીની લાટો લઈને સ્વદેશ પાછા ફરતા હતા, જેને ટ્રેઝર ફ્લીટ તરીકે ઓળખાય છે - તેને આટલાન્ટિક મહાસાગરની અધવચ્ચે આંબીને કરી લૂંટવામાં આવ્યા. આવી બમણી લૂંટની નોંધ વિગતવાર બ્રુક્સ ઍડમ્સના ગ્રંથ માં થઈ છે. (*સંસ્કૃતિ અને તેના હ્રાસના નિયમ,* વિન્ટાઝ બૂક્સ, ન્યૂયૉર્ક, ૧૮૯૫. બ્રૂક્સ ઍડમ્સ એ અમેરિકાના બીજા પ્રમુખ જહૉન ઍડમ્સ અને છઠ્ઠા પ્રમુખ જહૉર કવીન્સી ઍડમ્સના પૌત્ર અને પ્રપૌત્ર હતો. અને એના ભાઈ હેનરીની જોડે જાણીતો ઈતિહાસકાર હતો : ૧૮૯૫ ના અરસામાં એમણે હિન્દુસ્તાની મુલાકાત પણ લીધેલી.)

ઉપરાંત આફ્રિકાથી ગુલામોના વેપારમાંથી જે નાણાં અંગ્રેજો એ મારી ખાધા હતા તે પણ હાલ તુરત હિન્દુસ્તાનમાં લવાયા.

આ ચોરી-ચપાટીના ગંદા વેપારમાં નામચીન ખાસ કરીને અંગ્રેજો જ હતા. તે ટોળીના આગેવાનો હતાઃ સર ફ્રાન્સીસ ડ્રેક (૧૫૪૦-૯૬), સર માર્ટિન ફ્રોબિશર (૧૫૩૫-૯૪), સર જોન હૉકીન્સ (૧૫૩૨-૯૫) અને સર વૉલ્ટર રૅલે (૧૫૫૪-૧૬૧૮), આ ચંડાળ ચોકડીના કાળા કરતૂતોની દરેકના નામ સામેની નોંધ ઈ.બી. ૭૩ નાં ખંડમાંથી મળી આવે છે, આ સોનેરી ટોળકીની સુંદરી હતી રાણી એલેઝાબેથ-૧ (રાજ કર્યું ૧૫૫૮-૧૬૦૩) આ બાબતનો, તેમના ધનીષ્ઠ સંબધોનો ઉલ્લેખ બ્રુક્સ ઍડમ્સસ ના ઉપરોક્ત ગ્રંથમાંથી મળી આવશે. (પૃષ્ઠ ૨૩૬). બ્રુક્સ ઍડમ્સની વિચિત્ર વખાણ કરવાની વૃત્તિ મુજબ 'ફ્રાન્સીસ ડ્રેક' આદર્શ જળદૈત્વ અને ચાંચિયો હતો, તેમ જૉન હૉકિન્સ 'આદર્શ ગુલામ બનાવનારો' હૈવાન હતો (આવા નઠારા આદર્શ કેવળ ધોળાઓ ને જ શોભે)

બ્રૂક્સ ઍડમ્સે આગળ એ પણ નોંધ્યું છે કે વેનીશીયનોની જેમ અંગ્રેજોએ પોતાની જાહેજલાલીનો પાયો ચાંચિયાગીરી અને ગુલામો પકડવાની અને વેંચવાની પ્રવૃત્તિઓમાંથી નાંખ્યો હતો. (પૃ. ૨૩૫)

## ૧૭૬૫ પછીનું થયેલું ભારતમાંથી પૂંજીનું નિષ્કાશન :

૧૬૦૧ થી ૧૭૬૫ સુધી જે પૂંજીનો ભરાવો ભારત ખાતે થયો અને વેપારમાં જે જબરજસ્ત ઉછાળ આવ્યો, તે આગળ જોઈ ગયા તેમ, ભારતની સામંતશાહી વ્યવસ્થાનો જાહોજલાલીની પરાકાષ્ઠાનો કાળ હતો. એ જ પરાકાષ્ટાઓ મોગલ અને બીજા સૂબેદારોના વર્ચસ્વ અને સમૃદ્ધિના વરસો હતા. પણ અંગ્રેજોની આદત હતી કે જ્યાં, જે પ્રજાને સર કરે, તેનું નિકંદન કાઢવા પહેલા છોડે નહીં. તે જ નિયમ પ્રમાણે જે બધું સ્પેન અને પોર્તુગલ પાસેથી લૂટ્યું હતું અને જે બધું આટલાંટિકના ત્રિકોણી ગુલામવેપારમાંથી ચોરી-પચાટીથી મેળવેલું જે બધું એક કાળે ભારતમાં ઠલવાયેલું હતું, આ બધું આખરે તો અંગ્રેજો ધરભેગું કરવાના જ હતા તે પ્રક્રિયા ૧૭૬૫ ની દીવાનીથી શરૂ થઈ.

પહેલવેલા તો તેમણે જમીન – મહેસૂલ કૂદકે-ભૂસકે વધારી નાખી. કારણ જમીન-મહેસૂલમાંથી, વહીવટ ખર્ચ બાદ કરીને, બચેલું દરિયાપાર ખેંચી જવાનું હતું.

દાખલા તરીકે અકબરના જમાનામાં ટોડરમલે ૧૫૮૨ મા એકલા બંગાળની જમીન-મહેસૂલ ૧૦૭ લાખ રૂપિયા આંકી હતી. ને ૧૮૩૫ માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના અંદાજ પ્રમાણે વધીને ૩૩૦ લાખ રૂપિયાએ પહોંચી ગઈ. આગળ જતાં બ્રિટીશરાજમાં ૧૯૦૧-૦૨ સુધીમાં આ રકમ ૨,૭૦૦ લાખ કંપની સરકારે કરી નાખી.

આર. સી. દત્ત અને વિલિયમ ડિગ્બીએ અંગ્રેજોના યોજેલા આર્થિક નિષ્કાશન વિષે વિગતવાર માહિતી આપી છે. ડિગ્બીના અંદાજ પ્રમાણે ૧૮૩૪ થી ૧૯૦૧ સુધીના ૬૫ વર્ષમાં અંગ્રેજો ભારતમાંથી ૬૦૦૦ કરોડ રૂપિયા ઈંગ્લેંડ ઘસડી ગયા હતા (પૃ. ૨૨૨-૨૫, ૨૩૦)

અંગ્રેજોએ ભારતને લૂંટવામાં આઘુંપાછું જોયું જ નથી. બ્રૂક્સ ઍડમ્સ મુજબ વિશ્વના ઈતિહાસમાં બંગાળની લૂંટ અદ્વિતીય હતી. ત્યારથી વિશ્વના ઈતિહાસે પલટો ખાધો. લંડનના રસ્તાઓમાં લથડિયા ખાતા, ગાળાગાળી અને મારામારી કરતા ધોળા લોફરો અને ગુનેગારો હિન્દુસ્તાન આવીને મોટા રાજા બની જતા.

ચીનને હિન્દુસ્તાનમાં ઉગાડેલું અફીણ પાઠવીને અંગ્રેજોએ કાળો કેર વર્તાવ્યો. બબ્બે અફીણના યુદ્ધો છેડ્યા.

અહીં એક વાત યાદ રાખવી જરૂરી છે. ૧૬૮૮ માં ઔરંગઝેબના સુબેદારના સૈન્યે ચિત્તગાઁવ, સુરત, મસૂલીપટ્ટમ અને વિશાખાપટ્ટમ ના છમકલાંઓમાં અંગ્રેજોને જબરજસ્ત શિકસ્ત આપી. અંગ્રેજોને આજીજીપૂર્વક માફી માંગવી પડી. ઔરંગઝેબે જે ૧૬૮૮ થી નવું ફરમાન બક્ષ્યું તેમાં શરતો હતી કે હિન્દી વેપારીઓ પાસેથી લીધેલા બધાં ઉછીના નાણાં પરત કરવા. તેમને જે નુકસાન થયું હશે તેની પુરેપુરી ભરપાઈ કરવી. અને સર જૉન ચાઈલ્ડને હિન્દુસ્તાનમાંથી હકાલપટી કરવી. ઈતિહાસકાર મિલે આ બધી શરતો સરમજનક હતી એમ કબૂલ કર્યું છે.

બીજા પચાસ વર્ષ સુધી અંગ્રેજો માથું ઉંચકી શક્યા નહીં. એવી કફોડી તેમની હાલત હતી. એ તો આકસ્મિતરીતે ૧૭૫૬ થી ૧૭૬૩ ના સાતવર્ષના યુદ્ધમાં ફ્રાન્સ હારી ગયું અને એ જ અરસામાં છેડાયેલા ત્રીજા પાણીપતના યુદ્ધને અંતે ૧૭૬૧ માં અફઘાનોએ અટક, સિન્ધુ અને કાબુલ નદીઓનું સંગમ સ્થાન, ઠેઠ હિન્દુસ્તાની વાયવ્ય સરહદ પાસે, મરાઠાઓને પરાજ્ય આપ્યો. એટલે જ અંગ્રેજો આખરે ફાવી ગયા. પેલી તરફ તેમણે અને ડચ વલંદાઓએ મળીને (૧૬૮૮ માં બન્ને રાજ પાટો એક થયાં હતાં) ફ્રાંસને હરાવ્યું (૧૭૫૬-૧૭૬૩) અને આ બાજુ અફઘાનોએ મરાઠાને હરાવ્યા (૧૭૬૧). હવે તેમનો માર્ગ મોકળો થઈ ગયો. અલ્બુકર્ક અને ડુપ્લેએ ચીંધેલી વાટે ચાલીને તેમણે, રોબર્ટ કલાઈવ અને વારન હેસ્ટીંગની મારફતે, હિન્દુસ્તાનને તારાજ કરી નાખ્યું. (ક્લાઈવે આપઘાત કર્યો અને હેસ્ટિંગે ભ્રષ્ટાચારના મહાન કેસને અંતે ખુવારી નોંધાવી)

મબલખ નાણાં મીર જાફર પાસેથી ખેરવી નંખાયા, ઈ.આઈ. કંપનીએ એક કરોડ રૂપિયા વસૂલ કર્યા. તે ઉપરાંત અંગ્રેજ, દેશી અને આર્મીનિયન વેપારીઓ તરફથી અનુક્રમે પચાસ લાખ, વીસ લાખ અને દસ લાખ રૂપિયા વસૂલ કરાયાં. ગવર્નર ડંકન અને કર્નલ ક્લાઈવે દરેક બે લાખ એંસી હજાર રૂપિયા આંચકી લીધા. કર્નલ કલાઈવને વધારાના બે લાખ સિપેહસાલારના હોદ્દાને આધારે ઉપાડચા અને હજુ બીજા સોળ લાખ અંગત ખેરાત તરીકે મેળવ્યા. મી બેકર, મી. વૉક્ષ અને મેજર કિલ પૅટ્રિકને દરેકને બે લાખ ચાલીસ હજાર રૂપિયા મળ્યા. તે ઉપરાંત અંગત ખેરાત તરીકે મી વૉક્ષને આઠ લાખ રૂપિયા મળ્યા. બીજી અંગત ખેરાતોના હિસાબે પાયદળ અને કાફલાના સભ્યોને રૂપિયા સવા કરોડની લૂંટ હજમ થઈ ગઈ. તેમની માગણી અઢી કરોડની હતી. અંગ્રેજોને હિન્દુસ્તાની સમૃદ્ધિનો અતિશયોક્તિ ભર્યો અંદાજ હતો. આ ઉપરના આંકડામાંનું એક તૃત્યાંશ ઝરજવેરાત અને સોનાચાંદીના રૂપે વસૂલ કરવામાં આવ્યું હતું. (ડબલ્યુ. ડબલ્યુ. હંટર, *હિન્દુસ્તાનનું સામ્રાજ્ય, ગર્વનમેન્ટ ઑફ ઈંડિયા, ૧૮૮૬* પૃ. ૩૮૯)

આવી જ રીતે જેમ જેમ અંગ્રેજ લશ્કર અને તેના અફસરો એક એક પ્રદેશને સર કરતા ગયા તેમ તેમ દરેક પ્રદેશની પાસેથી અંગત ખેરાતો અને બીજી લૂંટની રકમોની ગાંસડી બાંધતા ગયા. (આર. ડી. બાસુ, *હિન્દુસ્તાનમાં ક્રિશ્ચીયન શક્તિનો ઉદય, ૧૯૩૧*)

આ બધી પૂંજીના નિષ્કાશનના પરિણામે હિન્દુસ્તાનના વેપારીઓ, શાહુકારો અને સૂબેદારો તારાજ થતા ગયાં. તેમના મહેલોના અને બાજુના ગામના મંદિરોની આસપાસ ધમધમતા કારખાનાઓ બંધ પડતા ગયા અને શહેરો ભાંગીને ગામડા તરફ બેકાર કારીગરોનો પ્રવાહ વધતો ગયો. આપણે ત્યાં પહેલે વહેલી વાર જમીન વિહોણો ખેતમજૂર એવો તોતિંગ વર્ગ પેદા થયો. આ પહેલાં ગામમાં રહેતા તે બધાની પાસે થોડીથોડી જમીન રહેતી, પણ હવે બિલકુલ જમીન વગરના શહેરોમાંથી નવા આવેલાને ઉપરી કિસાનો તરીકે ગણવામાં આવ્યા. (ગામના જુના ખેડુતોને મહારાષ્ટ્રમાં મિરાસદાર કહેવામાં આવે છે.)

દાખલા તરીકે આદિકાળથી ભારતે વિશ્વનો નગ્નતા ઠાંકવાનું કાપડ પૂરૂં પાડચું હતું. તે પરિસ્થિતિ અચાનક ૧૮૨૧ થી જડમૂળથી બદલાઈ ગઈ. આ પ્રતિકાંતિ નીચેના કોષ્ટકથી સ્પષ્ટ થશે.

| વર્ષ | હિન્દુસ્તાનમાં આયાત થતો અંગ્રેજી સુતરાઉ માલ (વાર) | ઈંગ્લેન્ડમાં આયાત થતો હિન્દુસ્તાની સુતરાઉ માલ (વાર) |
|---|---|---|
| ૧૮૧૪ | ૮૧૮,૨૦૮ | ૧,૨૬૬,૬૦૮ |
| ૧૮૨૧ | ૧૯,૧૩૮,૭૨૬ | ૫૩૪,૪૯૫ |
| ૧૮૨૮ | ૪૨,૮૨૨,૦૭૭ | ૪૨૨,૫૦૪ |
| ૧૮૩૫ | ૫૧,૭૭૭,૨૭૭ | ૩૦૬,૦૬૮ |

સ્રોત : તારાચંદ, *હિન્દુસ્તાનની સ્વાતંત્ર્ય ચળવળનો ઈતિહાસ,* ખંડ ૧, પૃ. ૩૨૪

જે વિશ્વની નગ્નતા ઢાંકતું હતું તે ભારત હવે પોતે જ નાગું થઈ ગયું !

આવું જ બીજા બધા ઔદ્યોગિક તૈયાર માલની બાબતમાં થયું, જેમ કાપડના કાંતનારા, વણકરો, રંગારા, છાપનારા, વગેરે બેકાર થઈ ગયા તેવી જ રીતે ધાતુના કારીગરો, લશ્કરી સરંજામ બનાવનારા મઝદુરો, કાગદીઓ, રસાયણ અને તેવા દ્રવ્યો ગાળનારા લાખો કરોડો કામધંધા વગરનાં બની ગયા.

ગમે તે શરતે, ગમે તેટલા આકરા અને અન્યાયી સમગ્ર પાકના વિભાજનને કબૂલ રાખતા. ત્રાહિ ત્રાહિ પોકારતા, ભૂખમરાથી પંડને અને કુટુંબને બચાવતા, ભૂખા ગરીબોના ટોળા ને ટોળા દેશભરમાં ભટકવા લાગ્યા.

હિન્દુસ્તાન પોતે ઉદ્યોગની પેદાશનું કેન્દ્ર સ્થાન રહેવાને બદલે અંગ્રેજ ઉદ્યોગને કાચોમાલ પૂરૂં પાડનારો પરાધિન દેશ બની ગયો.

કેટલાય કારમા દુષ્કાળો સહન કરી રહેલા દેશમાંથી અનાજની નિકાસ કૂદકે ભૂસકે વધતી ગઈ. દાખલા તરીકે ૧૮૬૦ માં ઘઉં, ચોખા અને બીજા અનાજો તેમ જ તેલીબીયા અને કઠોળોનો નિકાસ જે સાડા ત્રણ અને દોઢ કરોડ રૂપિયા અનુક્રમે હતી તે ૧૮૭૭ માં રૂપિયા આઠ કરોડ અને સાડા પાંચ કરોડની અનુક્રમે થઈ ગઈ. તેવી જ રીતે ૧૯૦૧ માં અને ૧૯૩૪ - ૩૫ માં અનાજ, કઠોળ અને તેલબીયાઓની નિકાસ ૨૩ કરોડ રૂપિયાની આસપાસ પ્રતિ વર્ષ સ્થિર થઈ ગઈ.

અંગ્રેજોએ બનાવેલું બહાનું કે દેશમાં અનાજનું ઉત્પાદન જ ખોરવાઈ ગયું હતું તે હળહળતું જુઠાણું અને ક્રૂર મશ્કરી હતાં. તે આ અનાજ, કઠોળ અને તેલીબીયાની વાર્ષિક નિકાસના આંકડા પૂરવાર કરે છે. રેલવેની જાળની જબરી ફલાંગો અલગ અલગ પ્રદેશની અછતોને પહોંચી વળવા ફેલાવવામાં આવી હતી તેનું અંગ્રેજો કહેતા તે પણ સાવ ખોટી વાત છે. લશ્કરની હેરફેરનો વેગ વધારવા અને અનાજની નિકાસ સરળ બનાવવા આ રેલવેના જાળાનો વિસ્તાર થયો હતો.

એ નોંધ કરવી જરૂરી છે કે આ બધી બ્રિટીશ રેલ્વે કંપનીઓને દિલ્હીની વસાહતી સરકારના તરફથી ઉંચા વ્યાજના દરોની બાંયધરી આપવામાં આવતી. અને તે આકરી શર્તો નીચે ને રેલ્વેજાળું અસ્તીત્વમાં આવ્યું હતું.

અંગ્રેજોને ગાંઠનું કશું ચૂકવવું ન્હોતું. પૂર્વ અને દક્ષિણ આફ્રિકાથી માંડીને અરેબિયા અને મધ્યપૂર્વના, કે અફઘાનિસ્તાન, તિબેટ અને ચીનના પેકીંગ સુધીના બધા જ, અંગ્રેજ સામ્રાજ્યના

હિતમાં આદરેલા યુદ્ધોનો ખર્ચો પણ હિન્દુસ્તાનને જ ઉધારી નખાતો. આવા બધા ધૂમ ખર્ચા પહેલા કંપનીના કાળમાં નિકાસના વધારા તરીકે અને પાછળથી બ્રિટીશ સત્તાના સીધા અમલ દરમિયાન હોમ ચાર્જિસ એટલે કે ઘરખર્ચના નામે હિન્દપર ચડાવાતા. બંગાળના તે વખતના ગવર્નર હેન્રી વેરલેસ્ટ સરવાળો કરી ગયા છે કે ૧૭૬૬ થી ૧૭૬૮ ના ફક્ત ત્રણ વર્ષમાં કેવળ બંગાળથી ૫૭ કરોડ રૂપિયાની આયાત કરતાં વધુ નિકાસ (આર. સી. દત્ત, *ભારતનો આર્થિક ઈતિહાસ*, ખંડ ૧, પૃ. ૪૭) થઈ હતી.

આ પહેલાં જોઈ ગયા છીએ કે ભારતીય પૂંજી ઈંગ્લૅન્ડ ખાતે લગભગ વર્ષના સૌ કરોડ રૂપિયાના હિસાબે બહાર ખેંચાઈ જતી. (બહુ ચીવટાઈથી માપવું હોય તો ૧૮૩૪ થી ૧૯૦૧ ના, ૬૫ વર્ષોમાં રૂપિયા ૬૦૦૦ કરોડની બરબાદી થઈ. એટલે દર વર્ષે ૯૨-૩ કરોડ રૂપિયાની સરેરાશ ગણાય) એથી વાંચકને ખાતરી થશે કે ૧૭૬.૬-૬૮ માં ફક્ત બંગાળથી થયેલું પૂંજીનું નિષ્કાશણ ૫૭ કરોડ રૂપિયાથી વધીને ૧૮૩૪ થી ૧૯૦૧ ના ૬૫ વર્ષના ગાળામાં પૂરો ભારતવર્ષમાં વધીને લગભગ ૧૦૦ કરોડ પ્રતિવર્ષ રૂપિયા થઈ ગયું.

સ્વાભાવિક રીતે આ પૂંજીના નિષ્કાશનને લીધે જે દેશનું નિરુદ્યોગીકરણ, ગ્રામીકરણ અને ભીખારીકરણ થયું હતું તે ખરીદશક્તિના અભાવને લીધે હતું, અનાજના તોટાને લીધે નહીં. કેટલા ગરીબો રહેંસાઈ ગયા તેનો અંદાજ આપણને નીચેના કોષ્ટકમાંથી મળશે.

## ભારતમાં દુષ્કાળથી નીપજેલું મરણ પ્રમાણ

| સમય-ગાળાં | અંદાજિત મૃતકોની સંખ્યા (લાખમાં) |
|---|---|
| ૧૭૬૫-૧૮૦૦ | ૨૩૦ |
| ૧૮૦૦-૧૮૨૫ | ૧૦ |
| ૧૮૨૬-૧૮૫૦ | ૪ |
| ૧૮૫૧-૧૮૭૫ | ૫૦ |
| ૧૮૭૬-૧૯૦૦ | ૨૬૦ |
| ૧૯૦૧-૧૯૦૫ | ૪૦ |
| ૧૯૦૬-૧૯૦૭ | ૦.૫ |
| ૧૯૧૮-૧૯૧૯ | ૧૦૦ |
| ૧૯૪૨-૧૯૪૪ | ૧૦૦ |
| બીજા વર્ષો | ૧૫૦ |
| કુલ (૧૭૬૫-૧૯૪૪) | ૮૫૦ લાખ એટલે ૮.૫ કરોડ |

આ કોષ્ટક વાડિયા અને મર્ચન્ટના, *આપણી આર્થિક વિટંબણા*, વોરા ઍન્ડ કંપની, મુંબઈ ૧૯૫૯ ના પૃષ્ઠ ૮૭-૮૮ નાં આધારે રચાયેલું છે. ફક્ત ૧૭૬૫ થી ૧૮૦૦ ની પહેલી લાઈનમાં અમે ડબલ્યુ. ડબલ્યુ હંટર અને આર. સી. દત્તનાં અંદાજો વાપર્યા છે.

સ્વાભાવિક રીતે વાચકને સમજાઈ જશે કે કહેવાતી અંગ્રેજી ઔદ્યોગિક ક્રાંતિ (૧૭૬૫-

૧૮૬૦) આપણી ઓછામાં ઓછી સાડા આઠ કરોડ ગરીબ જનતાને ભોગે નિષ્પન્ન થઈ. અંગ્રેજોએ ચલાવેલી આંધળી લૂંટનું આ કારમું પરિણામ એ આપણે સતત ધ્યાનમાં રાખવું જોઈએ.

## અંગ્રેજોએ ફેલાવેલી ભૂગોળ વિષેની કેટલીક ભ્રામક ધારણાઓ

સૌથી પહેલી સાવ ઉપજાવી કાઢેલી કાલ્પનિક ધારણા તે કહેવાતા આર્યોના આક્રમણની છે. હકીકત એ છે કે આર્યોનો જન્મ જ હિન્દુસ્તાનમાં થયો હતો અને આર્ય નામની કોઈ પ્રજા પરદેશથી અહીં આવી જ ન્હોતી. આર્યોના આક્રમણની દંતકથા અંગ્રેજોએ અને અન્ય ધોળા યુરોપિઓએ એટલી જોરશોરથી, એટલા આગ્રહ અને વ્યાપકતાથી, છેલ્લા બસો વરસથી ફેલાવેલી છે કે તેનો પડદાફાશ આજે કપરો થઈ પડ્યો છે.

પણ આ જુઠાણાના ચલણનો અંત નજીક આવ્યો છે. અનેક ઈતિહાસકારો અને વિદ્વાનો હવે સ્વીકારવા લાગ્યા છે કે આર્યોના હિન્દ ઉપરના આક્રમણની વાતમાં કશું તથ્ય જ નથી.

નવા પ્રમાણોના આધારે એક વિદ્વાનોનું જૂથ પૂર્વે અને પશ્ચિમમાંથી ઉભરી આવ્યું છે જે લોકોએ આર્યોના આક્રમણના સિદ્ધાંતને ફગાવી દીધો છે. પુરાતત્ત્વ શાસ્ત્ર, હાડપિંજરના અવશેષ, ભૂગોળ, ગણિતશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, ભાષાશાસ્ત્ર અને એવા બીજા પુરાવાને આધારે આ જૂથે આર્યોના હિન્દ પરના આક્રમણની ગાથા નકારી છે. આ જૂથ ના અગ્રગણ્ય સભ્યો આ મુજબ છે : એસ. આર. રાવ, નવરત્ન રાજારામ, સુભાષ કાક, જેમ્સ શાફ઼ૅર, માર્ક કેનોયર, એસ. પી. ગુપ્તા, ભગવાન સિંઘ, બી. જી. સિદ્ધાર્થ, કે. ડી. શેઠના, કે. ડી. અભ્યંકર, પી. વી. પાઠક, શ્રીકાંત તાલાગેરી, એસ. કલ્યાણ રામન, બી. બી. ચક્રવર્તી, જ્યોર્જ ફ્યુરસ્ટાઈન અને હું પોતે, ડેવિડ ફ્રૉલી (ડેવિડ ફ્રૉલી, *હિન્દુસ્તાન પરના આર્યોના આક્રમણની કપોલકથા,* વૉઈસ ઑફ ઈન્ડિયા, દિલ્હી, ૧૯૯૪, પૃ. ૭)

ઉપરનું લાંબુ લચક અવતરણ એટલા સારૂ આપ્યું છે કે આ ધોળાઓની દંતકથા આપણા માનસમાં બાળપણથી ઘર કરી બેઠી છે. તેને હચમચાવવી, ઉખેડીને ફેંકી દેવી અઘરૂં કામ છે.

પ્રચલિત માન્યતાને મીટાવવાના મુખ્ય કારણો નીચે મુજબ છે :

ભારતના કોઈ પણ શ્રોતમાં એવી નોંધ નથી કે આર્યો કયાંય બહારથી આવ્યા હોય. છેલ્લા પચાસ વર્ષના ખોદકામના આધારે ચોક્કસ માની શકાય કે આર્યોની સંસ્કૃતિનું કેન્દ્ર સ્થળ સરસ્વતિ નદીના બન્ને કાંઠાઓ હતા. નહીં કે સિન્ધુના. સિન્ધુનદીને તીરે પાંચ-પચાસ ઉદ્‌ગમ સ્થાનો ખચિત મળે પણ સરસ્વતિનદીના કાંઠે હજારથી વધુ આ સંસ્કૃતિ ના સ્થાનકો આવશે. મરૂ ભૂમિના સંશોધનની જોધપૂર સ્થિત સંશોધન સંસ્થાએ કરેલા વિમાની સર્વેક્ષણ પરથી એ નિર્વિવાદ સ્થાપિત થયું છે કે સતલજ અને જમુનાની વચમાં પ્રાચીન કાળમાં એક નદી વહેતી હતી જેનો એક અંશ આજે હકરા અથવા ઘગ્ઘર નામે ઓળખાય છે. કોઈ ધરાની ધ્રૂજારીને લીધે ક્યાં તો સતલજ નદીએ આ પ્રાચીન સરસ્વતીને કબ્જે કરી હતી અથવા તે નદી જમુનામાં મળી ગઈ હતી. વિમાની સર્વેક્ષણ મુજબ આ નદીનો પટ રાજસ્થાનમાંથી કચ્છના અખાતના પૂર્વેના છેડે સમાપ્ત થતો હતો. અને આ જ પટના અનેક થાણાઓ રાજસ્થાનમાં કાલી બંગાન, આહર જેવો નામોથી જાણીતા છે. કચ્છમાં સુરકોટડા, ધોળાવીરા, ઈત્યાદિ નામોથી વેગવેગળા ટીંબા જાણીતા છે. એટલે કે સરસ્વતિ સંસ્કૃતિના સ્થાનકો

અફઘાનિસ્તાનથી માંડીને દક્ષિણમાં આવેલા નર્મદાના મુખ પાસેના ભગતરાવ અને મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લાના ગોદાવરીના કાંઠાના દૈમાબાદ સુધી પથરાયેલા હતા. આ ઉત્તરથી દક્ષિણનો વ્યાપ થયો. તેવીજ રીતે પશ્ચિમથી પૂર્વનો સરસ્વતિ સંસ્કૃતિનો વ્યાપ બલુચિસ્તાનના અરબી સમુદ્રના કિનારે આવેલા સુતકાગેન દોર થી દિલ્હી પાસેના જમનાપારના ઉત્તર પ્રદેશમાં આવેલા પ્રાચીન અહિછત્ર, અર્વાચીન આલમગિરપુર,અને ગંગાતીરના લહુરાદેવા, સુધી વિસ્તૃત હતો. વિશ્વની પ્રાચીન સંસ્કૃતિઓમાં સૌથી મોટો વ્યાપ આપણી સરસ્વતિ સંસ્કૃતિનો જ હતો, લગભગ દસ લાખ ચો. માઈલનો.

અંગ્રેજોએ ઉપજાવી કાઢેલા હિન્દ પરના આર્યોના આક્રમણના તૂતનું મુખ કારણ એ હતું કે જે પ્રજાને જીતીને રંજાડવી હોય તેને એમ ન કહેવાય કે તમારી સંસ્કૃતિ જ વધારે પ્રાચીન છે અને તે જ અમારે યુરોપ ખાતે ઈગ્લેંડ – આયરલૅન્ડ સુધી ફેલાયેલી હતી. ઉલટું મારી મચડીને એવું અંગ્રેજોએ મનાવવાનું મુનાસીબ સમજ્યું કે ભારતના લોકો અનાદિકાળથી ઉપરાછાપરી આક્રમણોના ભોગ બનતા આવ્યા છે. આ વાતને સાચી માનીને માર્કસ્ પણ મોટી ભૂલ કરી બેઠો હતો. તેણે લખ્યું છે કે, હિન્દુસ્તાનનો કોઈ ઈતિહાસ જ નથી, સિવાય કે પરદેશીઓની એક પછી એક ચઢાઈઓના વર્ણનનો. હિન્દુસ્તાનની પ્રજાના નિષ્ક્રીય કલેવર પર ઉપરાઉપરી થયેલા આક્રમણોની હારમાળા એ જ તે દેશનો ઈતિહાસ છે. સવાલ એ નથી કે અંગ્રેજોને હિન્દુસ્તાને સર કરવાનો હક્ક હતો કે નહીં. સાચો સવાલ એ છે કે શું આપણે એવો હિન્દુસ્તાન પસંદ કરશું જે તુર્કોથી કે ઈરાનીઓથી કે રશિયનોથી સર થયો હોય કે પછી અંગ્રેજોથી થયો હોય.'' (માર્કસ્, *અંગ્રેજ શાસનના ભવિષ્યના પરિણામો, માર્કસ્ એંગલ્સ લિખિત હિન્દુસ્તાનનું પહેલું સ્વાતંત્ર્ય યુદ્ધ*, પ્રોગ્રેસ પબ્લીશર્સ, મૉસ્કો, ૧૯૫૮, પૃ. ૨૯)

એટલો જ મહત્ત્વનો ત્રીજો મુદ્દો છે કે જે વેદિક કાળની સમયની આંકણી મૅક્સમૂલર દ્વારા થઈ તે પશ્ચિમના બધા કહેવાતા વિદ્વાનો અને ઈતિહાસકારો માની લીધી છે. એ તદ્દન હાસ્યાસ્પદ છે. મૅક્સમૂલર મુજબ સંહિતાઓ, તેના બ્રાહ્મણો, તેને સંલગ્ન આરણ્યકો, અને આ ત્રણેની પૂર્ણાહૂતિરૂપે રચાયેલા ઉપનિષદો, આવા ચારે અંગના પ્રત્યેક ગાળાના કાળની આંકણી બરાબર બસો બસો વર્ષ સમજી લેવી અને બુદ્ધના કાળને ઈ.સ. પૂર્વેની સાતમી શતાબ્દિમાં ગોઠવીને અડસટ્ટો એમ માર્યો કે ઈસવીસન પૂર્વે ૧૫૦૦ નો સરવાળો નીકળે છે. (એમ. વિન્ટરનીટ્સ, *ભારતના સાહિત્યનો ઈતિહાસ, ત્રણ ખંડો*, કલકત્તા યુનિર્સિટી, ૧૯૨૭ ખંડ ૧, પૃ. ૨૯૦ થી ૩૧૦)

આ નરી બાલીશ અને મૂર્ખાઈ ભરેલી ગણતરી જેમાં તર્કસંગત કોઈ કારણો જ નથી, તે જર્મન અંગ્રેજ ધોળા વિદ્વાનને જ શોભે !

આપણે તો કાળા છીએ અને વિદ્વાન પણ નથી, તેથી આપણને આવો મનસ્વી અને ચક્રમ ખ્યાલ ન ખપે.

વસ્તુસ્થિતિ સ્પષ્ટ છે કે એક જ પ્રદેશ અને એક જ સમયે એવી બે સંસ્કૃતિઓ ફૂલેફાલે જ નહીં, જેમાંની એક, વેદિક જેના કોઈ ભૌતિક અવશેષો જ મળ્યા નથી, અને બીજી, સિંધુ-સરસ્વતી, જેના કેવળ ભૌતિક અવશેષો જ મળ્યા છે અને સાહિત્ય ક્ષેત્રે સાવ મીંડું છે. સિવાય કે થોડી મહોરો કે મુદ્રાઓ જેની ઉપર ત્રૂટક આજ સુધી ન વંચાયેલા લિપિમાં થોડા અક્ષરો વરતાય છે. આવી પરિકથા તો પશ્ચિમના ધોળા દંભીઓ જ ઉપજાવી શકે.

ખરૂં જોતાં વેદિક સંસ્કૃતિ અને કહેવાતી સિંધુ - સરસ્વતીની સંસ્કૃતિ એક જ છે. આ સંસ્કૃતિનો ઉદ્‌ગમ અને ફેલાવો અંદાજે ઈ.સ. પૂર્વે છ - સાત હજાર વર્ષો પહેલાં થયો હશે.

વેદીક અને સિંધુ-સરસ્વતીની સંસ્કૃતિઓ એની એ જ, એક જ છે, જેના ભૌતિક અવશેષોને ધોળાએ એ નામ આપ્યું છે અને જેના સાહિત્યિક અવશેષોને તેમણે બીજું નામ જોડી દીધું છે.

કહેવાતી સિન્ધુ લિપિ ધોળાઓને માટે અણઉકલેલી હશે પણ એસ. આર. રાવ તેના પુસ્તક *સિન્ધુ લિપિનો ઉકેલ* (એશિયા પબ્લીશિંગ હાઉસ, મુંબઈ, ૧૯૬૨) માં પ્રકાશિત કરી દીધો છે. આ વિષયની વિસ્તૃત ચર્ચા શ્રીકાંત તેલગિરિએ એના *આર્યોના આક્રમણના સિદ્ધાંતનું પુર્નમૂલ્યાંકન* (આદિત્ય પ્રકાશન, નવી દિલ્હી, ૧૯૯૩) ના ગ્રંથમાં કરી છે. આ જ પુસ્તકના ૬૧-૬૨ પૃષ્ઠપર લેખકે બાર વિદ્વાનો અને તેમની સંસ્થાઓના નામોની યાદિ આપી છે જેમણે રાવ-તેલગરિના વિચારોને અનુમતી આપી છે. તેમાં સૌથી મહત્ત્વના વિદ્વાનનું નામ છે. ડૉ. ડેવિડ ડીરીન્જર જે કૅમ્બ્રીજ અને તેલ-અવીવના લિપિ-સંગ્રાહલયના સ્થાપક સંચાલક રહ્યા.

તેલગિરિ ના સંશોધન મુજબ સિંધુ લિપિ જગવિખ્યાત આરામાઈક લિપિને મળતી જુળતી આવે છે. આરામાઈક તે ભાષા છે જેમાં ઈસુ ખ્રિસ્ત બોલતા હતા, અને પહેલું બાઈબલ આરામાઈકમાં લખાયેલું.

આ રીતે સિંધુ-સરસ્વતિ લિપિમાંથી જ આરામાઈક ઉદ્‌ભવી હશે. અને તેમાંથી બીજી બધી ઉત્તર પેલેસ્ટાઈન ની લિપિ ભાષાઓ જન્મી જેમાં ફિનિશિયનનો સમાવેશ થઈ જાય છે.

બધા જ વેદિક દેવો અને ઋષિઓના નામો એસ. આર. રાવે આરામાઈકની સંજ્ઞાઓની સામ્યતાના આધારે સિંધુલીપીમાં વાંચ્યા, ઉકેલ્યા છે. રાવની સંશોધન પદ્ધતિજ તેની સત્યતાનો પૂરાવો પુરો પાડે છે.

અંગ્રેજોએ ફેલાવેલી બીજી દંતકથા તે એ છે કે હિંદુસ્તાન પર અવિરત પરદેશીઓની ચઢાઈઓ થયા કરી. આ સાવ પાયા વગરની વાત છે.

એથી ઉલટું હિન્દુસ્તાન એવો અજોડ સૈકાઓથી સમૃદ્ધ દેશ રહો કે જેના ઉપર ચઢાઈઓ કવચિત જ થતી. યુરોપીય દેશો પર તો અનેક ચઢાઈઓ થતી રહી. જ્યાંની આરબ-બરબર પ્રજાના આઠમી સદીવાળા આક્રમણ ને આપણે ઉપર ગણાવી ગયા છીએ. તે આક્રમણ ૭૧૧ થી ૧૪૯૨ સુધી ટકી રહ્યું અને જેનો અંત, તે સાલના ગ્રેનાડા રાજ્યના પતનથી થયો. તેવી જ રીતે દક્ષિણ-પૂર્વ યુરોપ પર ૧૪મી થી ૨૦મી સદી સુધી ઓટોમાન તૂર્કીઓનું સામ્રાજ્ય કાયમ રહ્યું. સાથે સાથે પૂર્વ અને મધ્ય યુરોપ પરનું ૧૩ મી શતાબ્ધિથી ૧૯મી શતાબ્ધિ સુધીનું મોંગોલોનું આધિપત્ય રહ્યું.

રોમ તો એવી રાજધાની હતી કે જેની ઉપર અસંખ્ય ચઢાઈઓ થઈ ગઈ. લગભગ દરેક શતાબ્ધિમાં કમ સે કમ એક વેળાએ. વાર તહેવારે, રોમ પર અનેક પ્રજાઓ અને જનજાતિઓના આક્રમણો થતા અને બહુધા ત્યાંની ઈમારતોને જલાવી દેવામાં આવતા અથવા ત્યા વસતા લોકોને ગુલામ બનાવીને વેચી મારવામાં આવતા.

રશિયન જનરલ ઝુકોવ ભારતની એક મુલાકાત દરમિયાન ટીકા કરેલી કે સિંકદરના વાયવ્ય સરહદ પરના છમદલાંને પશ્ચિમી ધોળાઓએ રાક્ષસી વિરાટ સ્વરૂપ બક્ષ્યું છે. પણ સિંકદર તો હારીને

મહાત થઈને, અહીંથી તેની ફોજોના બાળવાને લીધે પાછો ફરેલો. ફોજ બલુચિસ્તાનના મકરાન રણમાં ગાયબ થઈ ગઈ. ઠેઠ જેલમના ઉત્તર કશ્મિરના કોઈ કાંઠાની આસપાસથી તે પાછી ફરીને સિન્ધુ નદીવાટે તે સ્વદેશ પાછી ફરતી હતી ત્યારે પાછા વળવાનો આગ્રહ સિંકદરના સૈનિકોએ એટલા સારૂં કરેલો કે ઈરાની હાકામાનીશ (ગ્રીકમાં આકેમીનીડ) શહેનશાહ દારીયસ-૧ ના સામ્રાજ્યની સરહદ પાર કરવાની તેમની તાકાત અને તૈયારી ન્હોતી. એટલે જ સિંકદરના સૈન્યે જેલમ-ચેનાબના દોઆબથી પાછા ઉચાળા ભર્યા.

અંગ્રેજી લબાડ ઈતિહાસકારોએ હિન્દુસ્તાન દેશની એવી વ્યાખ્યા ૧૯મી સદીના અંતમાં કરી કે તેના અનેક અવિભાજ્ય અંગો, જેમકે અફઘાનિસ્તાન, નેપાલ, ભૂતાન, આરાકાન, શ્રીલંકા અને માલદ્વીપ સર્વને ૧૮મી સદીથી જ હિન્દુસ્તાનની નવી ભાષા મુજબ પરદેશી રાજ્યો ગણાવા માંડ્યા. એટલે કે જે પ્રદેશ અંગ્રેજોથી જીતીને સર કરાયો નહીં તે હિન્દુસ્તાનની બહારનો થઈ ગયો ! એટલે અફઘાનિસ્તાનના ગઝની અને ઘોર પ્રાંતોના સરદારો જો દેશમાં ક્યાં ય પણ છમકલું કરે તો તે પરદેશી હમલો અને કબ્જો ગણાય.

આ તો બધી શાહીવાદી રમત અને લુચ્ચાઈઓ હતી. એક તરફથી શેખી મારવી કે ઈતિહાસમાં અમે પહેલીવાર હિન્દુસ્તાનની એકતા સ્થાપી અને એક રાજ્ય બનાવ્યું. અને બીજી તરફ અનેક વિભાજનો કરતા જવાના. આવી જ રીતે પહેલાં ૧૮, ૧૯ અને ૨૦મી સદીમાં અફઘાનિસ્તાન, નેપાલ, ભૂતાન, શ્રીલંકા, માલદીવને વેગળા કર્યા. પછી જતાં જતાં ઓર બે-ત્રણ લાત મારતા ગયા અને આજના પાકિસ્તાન, સિક્કીમ, બાંગ્લાદેશ અને આરાકાનને વિખૂટા પાડી નાખ્યા. તે ઉપરાંત ૧૯૪૭ માં જતી વખતે અંગ્રેજોનો પ્રયાસ હતો કે ૪૦% ક્ષેત્રફળ અને ૨૫% ત્યારની વસતિવાળા ૫૨૬ દેશી રાજ્યો સ્વતંત્ર થઈ જાય આ રીતે કશ્મિર, જૂનાગઢ, હૈદ્રાબાદ, ત્રાવણકોર, કોચિન અને એકદ બે નાના દેશી રાજ્યોએ સ્વતંત્ર થવાનો પ્રયાસ પણ કર્યો હતો પણ ૧૯૪૯ સુધીમાં વલ્લભભાઈએ બાહોશી અને દૂરદેશી વાપરીને કોંગ્રેસ પક્ષમાં જવાહરલાલ નહેરૂ અને ચક્રવર્તી રાજગોપાલાચારી જેવા દેશાભિમાન વિહોણાં તત્ત્વોને દાબી દઈને, ઘણાખરા દેશીરાજ્યોને હિન્દુસ્તાનમાં સમાવી દીધા.

આ ૫૨૬ દેશી રાજ્યોની રામાયણને બાજુએ રાખીએ તોય હજી વધારે ભૌગોલિક વિટંબણાઓ અંગ્રેજો આપણા માટે મૂકતા ગયા. આદિવાસી જન જાતિઓના, મુખ્યત્વે જંગલના, પ્રદેશોને, તેમણે નૉન-રેગ્યુલેશન જિલ્લાઓ તરીકે અલગ પાડ્યા. દેશની ૭.૫% વસતિ આવા આદિવાસીઓની છે જેમના રહેઠાણના ક્ષેત્રફળના હિસાબે ૧૫% ની તો જમિન હશેજ. ખાસ કરીને ઉત્તર-પૂર્વ, મધ્ય દેશ અને પશ્ચિમના સહ્યાદ્રી ડુંગરમાળાની આસપાસના ક્ષેત્રોને આવું શૂન્યાવસ્થાનું બિરૂદ અપાયું એટલે કે ૪૦% નો દેશી રાજ્યોનો વિસ્તાર વત્તા અફઘાનિસ્તાન, નેપાલ, ભૂતાન, શ્રીલંકા અને માલદ્વીપો વત્તા આવા શૂન્યાવસ્થાના નૉન-રેગ્યુલેટરી જિલ્લાઓ મળીને, ૭૦% -૭૫% જેટલો આપણો પ્રદેશ, દેશની બહારનો ગણાય તો આપણને નવાઈ નહીં લાગે.

આવા ૭૦-૭૫% ના ઐતિહાસિક ભારતમાં ક્ષેત્રફળના વિભાજનથી સંતોષ ન માનતા અંગ્રેજોએ પ્રત્યેક કોમને નોખું કાયદાઓનું જાળું આપ્યું. દેશની પ્રજાના અનેક, ઍંગ્લોઈંડિયન, ઈન્ડિયન ક્રિશ્ચીયન, પારસી, મુસલમાન, શીખ, જૈન, બૌદ્ધ એવા ટૂકડેટૂકડા કરી નાંખ્યા. તેમાં ય ધોળાઓને માટે કોઈ કાયદો જ ન્હોતો. તેઓએ કરેલા ખૂન, નાનીચોરી કે બળાત્કારના કિસ્સા, ખાસ ધોળી ફર્જી

જ્યૂરી મારફત કરી કરાવીને, તેમને પાંચ-પચાસ રૂપિયાના મામુલી જુર્માનો ભરીને છોડી દેવામાં આવતા. આમ અંગ્રેજોએ દેશભરમાં કાળો કેર વર્તાવ્યો અને નિર્લજ્જતાથી દેશને એક કર્યાની ડંફાસ મારીને ઘાવ પર મીંઠું મરચું ભભરાવતા ગયા.

બીજું એક મહાજુઠાણું અંગ્રેજોએ ફેલાવેલું તે આપણી વાયવ્ય સરહદના ડુંગરાળ માર્ગો બાબતમાનું હતું. ખૈબર, ગોમલ, બોલન વગેરે જગવિખ્યાત ડુંગરાળમાર્ગો, જાણેકે પ્રવાહના એકતરફી ધોધ હોય તેમ (વાલ્વ), અનેક આક્રમણોને ઉત્તર-પશ્ચિમથી દક્ષિણ તરફના ગણાવતા ગયા. પણ આક્રમણો આવા એકતરફી કદી હોતા નથી. ઉલટા ઈરાન, મધ્યપૂર્વ એશિયા, અને યુરોપ તરફના તે હતા. આ પ્રસંગ ઉભો થયો રૂગવેદની પ્રખ્યાત લડાઈ દસરજનને અંતે (જુઓ, શ્રીકાંત તાલેગેરીનું ઉપર નિર્દેશાયલું પુસ્તકના પૃષ્ઠ ૩૩૪-૩૬)

મૂળ મુદ્દો એ છે કે એક જુઠાણાંને સાચું કરાવવા અંગ્રેજોને અનેક જુઠ્ઠાણા વહેતા કરવા પડ્યા. હિન્દુસ્તાનના વતનીઓ જંગલી નહી પણ ધોળા યુરોપિયોથી અનેક ગણા વધારે સુસંસ્કૃત હતા. અને તે ઘણા સૈકાઓથી ! આ વસ્તુ અંગ્રેજોથી કબુલ થઈ શકે તેવી પરિસ્થિતી નહોતી. જે પ્રજાને તમે સર કરીને રંજાડી રહ્યા છો તેને એમ કહેવું કે અમે તમારીજ બોલી બોલીએ છીએ. અમે આરયન કુળના છીએ. અમે તમારી પાસેથી જ બધું શીખ્યા છીએ. ગણીત, ખગોળશાસ્ત્ર, રસાયનશાસ્ત્ર, ભાષાશાસ્ત્ર, આંકડાઓ લખવાની-ગણવાની મૂળભૂત પદ્ધતિ, દશાંશની પદ્ધતિ, ધાતૂકામ, ઘોડેસ્વારી, બધુંજ અમે તમારી પાસેથીજ ઉછીનું લીધેલું છે. આ કડવું સત્ય અંગ્રેજો બોલી શકે એમ ન્હોતું.

એટલે એમને પ્રચાર કરવો પડ્યો કે વાયવ્ય સરહદના ડુંગરાળ વાટે થયેલાં આક્રમણો અનેક સદીઓથી એક તરફાં થતાં રહ્યા. આરનોલ્ડ ટોયનબીના પ્રખ્યાત ગ્રંથ, *ઈતિહાસનો એક અભ્યાસ* (૧૯૭૨ ની સચિત્ર એક ખંડની આવૃત્તિ તેનો પૃ. ૫૦૦-૧ પરનો નકશો) પરથી સ્પષ્ટ પથે કે જે જનજાતિઓ, દસરજનના અંતે, ચીત્તર ભીત્તર થઈ ગઈ, તેમાંની ઘણી, જેમકે ઈરાની શક, કસ્સાઈટ, મીત્તાની, હુરીયન, હીક્સોસ, હીટ્ટાઈટ, વગેરે બધી ભારતવર્ષમાંથી બહાર પડી હતી. તેઓ ટ્રોય અને બોસ્ફોરસની ભૂશીરો વાટે અલબેનીયા અને ઠેઠ ઉત્તરના બાલ્ટિક પ્રદેશ, (લિથુઆનીયા) પંહોચ્યા. અને ત્યાંથી પછી પશ્ચીમ તરફ ફેલાયા, કેલ્ટ, ગોથ, ટચુટોન, વગેરે જનજાતિઓ તરીકે અવારનવાર વિગ્રહ કરતાં ઠેઠ આયરલેન્ડ પહોંચી ગયા.

એ પણ નોધવું જોઈએ કે યુરોપની અડધોઅડધ વસ્તી આજે પણ શતમ જાતની બાલ્ટો-સ્લાવીક ભાષાઓ બોલે છે.

આ વસ્તુ અને વિચાર શાહીવાદ ના વિશ્વવ્યાપી પતન પછી વધારેને વધારે વિદ્વાનોમાં નિર્વિવાદ બનતી જાય છે. (ઉપર આ બધા વિદ્વાનોના, તેમની સંસ્થાઓ ના, અને તેવા બધા નામોની નાની સૂચી તાલાગેરીના ગ્રંથ માથી મળી રહેશે.)

**ટૂંકાણમાં અંગ્રેજોએ સાવ જુઠા ઈતિહાસ અને ભૂગોળ લખ્યા, જે તેમના શાહીવાદી આક્રમણના અનિવાર્ય અંગો હતાં. આપણે તેમના સકંજામાંથી બહાર પડવાનું છે.**

OOO

## વિનાયક પુરોહિત : એક જીવનરેખા

જન્મ : ૧૯૨૭, કલકત્તા ખાતે

અગસ્ત ૧૯૪૨ ની ચળવળના સ્વાતંત્ર્ય સૈનિક;
ખોપડી ભાંગી તે શીવાજી ઉધ્યાનના કિનારે ૯.૯.૪૨ ના રોજે, પોલિસના અત્યાચારના લીધે; ત્રણ વખત ધરપક્કડ : પહેલી વાર પોલીસ સીપાહીને મશાલ વડે જાળવાના પ્રયાસ સારૂ; બીજી વાર પ્રતિબંધિત સાહિત્યના ઉત્પાદન અને વિતરણના કારણે; ત્રીજીવાર ગુનાહ પૂર્વેની નિવારક ગિરફ્તારી, વર્લી જેલ ખાતે, મુંબઈમાં.

કામદાર યુનિયનના કાર્યકર્તા ૧૯૪૮ થી ૧૯૫૨; સામાન્ય મંત્રી, બોમ્બે પ્રેસ એમ્પલોઈઝ યુનિયનના સમાજવાદી પક્ષના સભાસદ તરીકે; ફરી સમાજવાદી પક્ષ સાથે જોડાણ ૧૯૫૬ માં જ્યારે રામમનોહર લોહિયાએ તે પક્ષની પુનઃરચના કરી.

સ્નાતક, ૧૯૪૮ માં મુબઈની એલફિસ્ટન કોલેજ દ્વારા, બી. એ. ઓનર્સના વિષયો : ઈતિહાસ, રાજકારણ અને અર્થશાસ્ત્ર; પી. એચ. ડી. ના નિબંધનુ શિર્ષક : *હિન્દુસ્તાનના સંક્રાંતિકાળની કલાઓ, વીસમી સદી,* બે ભાગ, ૧૪૫૦ પૃષ્ઠ; જે છાપ્યું પોપ્યુલર પ્રકાશને ૧૯૮૬-૮૮ ના વર્ષોમાં; જ્યેષ્ઠ સંશોધક, યુજીસી અને આઈસીએસએસઆર, દીલ્હી, ૧૯૭૬-૮૦; આમંત્રિત પ્રોફેસર, ફીલ્મ અને ટેલિવિઝન ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડીયા, પુના; અને પંજાબ યુનિવર્સિટિ, ચંદીગઢ, ૧૯૮૦-૨; નિરિક્ષક, આટર્સ કાઉન્સીલ ઓફ ગ્રેટ બ્રિટન ૧૯૮૧; મહેમાન-પ્રોફેસર, ચાલ્મર્સ ઈન્સ્ટીટયુટ ઓફ ગોથેનબર્ગ, અને રોયલ ટેક્નીકલ ઈન્સ્ટીટયુટ, સ્ટોકહોમ, સ્વીડન, ૧૯૮૧; મહેમાન વિજ્ઞાનિક, સીએસઆઈઆર, દીલ્હી, ૧૯૮૦-૨; સલાહગાર, આઈએલઓ પ્રકલ્પ, પાલઘર, મહારાષ્ટ્ર, ૧૯૮૩-૮૫.

કલા, સ્થાપત્ય, સંગીત, નૃત્ય, નાટય, ચલચિત્ર અને સાહિત્યના ક્ષેત્રોના વિવેચક; અને મુંબઈ, વીએના, બર્લિન, બ્રસેલ્સ, ફ્રૅંકફર્ટ, કાહીરા, લાગોસ, શીકાગો વગેરે સ્થળોના ટી.વી. અને રેડિઓ પરના પ્રચારક; અમદાવાદના *સંસ્કૃતિ,* મુંબઈ અને દીલ્હીના *ડીઝાઈન,* મુંબઈના *ટાઈમ્સ, ફ્રી પ્રેસ* અને *ઈન્ડીયન એક્સપ્રેસ;* કલકત્તાના *હિન્દુસ્તાન સ્ટેન્ડર્ડ;* મુંબઈના *ધર્મયુગ,* અને *સમકાલીન;* વગેરે નિયતકાલિકાઓ ના વિવેચક અને લેખક.

વર્ધા ખાતે *ગીતાઈ મંદીરના* સ્થપતિ, ૧૯૬૫-૭૫

લોહિયાના અને સમાજવાદી પક્ષના મુખપત્ર *મેનકાઈન્ડને* પુનઃજીવીત કર્યું ૧૯૯૫ થી ૨૦૦૧, પુના ખાતે.

● મેનકાઈન્ડ માસિક ની અવારનવારના નિબંધોની ગ્રંથમાળા :

આ બધા અંગ્રેજીમાં

૧. પૃથ્વીના સમગ્ર પડ પર યુરોપીય ઘોળાઓનો ઓળો; જાન્યુઆરી ૨૦૦૪

૨. બીનદલાલી વૃતાંત : અંગ્રેજ શાહીવાદે ચલાવેલી હિન્દુસ્તાનની લૂંટ; નવેમ્બર ૨૦૦૪

૩. ૧૯૭૫ પછી વિશ્વમાં ત્રિપુટીનું અધિપત્ય; જુન ૨૦૦૫

૪. સાર્ક અને આસિયાને ૧૦° ઉત્તર રેખાંશની કા નહેર બાંધવી જોઈએ, જુલાઈ ૨૦૦૫

૫. એક છલ્લોછલ છલકાતા જીવનની કહાણી, ૧૯૨૭-૨૦૦૫, પ્રકરણ પહેલું :- વિવરાણની એક શરૂઆતની સમાલોચના

૬. એક છલ્લોછલ છલકાતા જીવનની કહાણી, ૧૯૨૭-૨૦૦૫, પ્રકરણ બીજું :- જ્યારે અંગત જીવન રાષ્ટ્રના સામાજીક જીવન માં વિલિન થાય છે.

ગુજરાતીમાં

૭. કલાનો સર્વસામાન્ય સામાજીક ઉદભવ, ઉપભોગ અને ઉપયોગ.

૮. ભારતની ભૌગોલીક વિશિષ્ટતાઓ.

હવે પછી અંગ્રેજીમાં

૯. માછીમારીના ઉદ્યોગનો વિકાસ, યુરોપીયન દરિયાઈ સામરિક શક્તિનો ઉદય, અને યુરોપની જાહોજલાલી : ૧૦૯૮-૨૦૦૫

● વિનાયક પુરોહિતના અન્ય પ્રકાશનો :

અંગ્રેજીમાં

ભારતના સંક્રાતિકાળની કલાઓ : વિસમી સદી, બે ભાગ, ૧૪૫૦ પૃષ્ઠ,
પોપ્યુલર પ્રકાશન, મુમ્બઈ, ૧૯૮૬-૮૮

કલા અને રાજકારણનું સમાજશાસ્ત્ર, એક દસ પુસ્તિકાઓનો સેટ, ૧૯૮૯-૯૨

ભારતીય ચલચિત્રનું સમાજશાસ્ત્ર, ૧૯૯૦

ગુજરાતીમાં

સ્ટીલ ફ્રેમ, એક ત્રિઅંકી નાટક, ૧૯૯૧

ત્રિભેટો, એક ત્રિઅંકી નાટક, ૧૯૯૪

Purohit-Guj-06